શ્રી નવપદસ્વરૂપદર્શન



સ્વરૂપદર્શક

પૂજ્યપાદ સકલાગમરહસ્યવેદી સ્વ૦ આચાર્યદેવ શ્રીમદ્ વિજયદાનસૂરીશ્વરજી મહારાજના પટ્ટપ્રભાકર પૂ. સિદ્ધાન્તમહોદધિ આચાર્યદેવ શ્રી. વિજયપ્રેમસૂરિવરના પટ્ટાલંકાર પૂ. વ્યાખ્યાનવાચસ્પતિ પરમ શાસનપ્રભાવક

આચાર્યદેવ શ્રીમદ્

વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મ.



પ્રકાશક

શ્રી વીરશાસન કાર્યાલય : રતનપોળ–અમદાવાદ

અનુમોદના

સ્વ. મહીપાર જીવરાજ હીરાચંદના સુપુત્ર હરગોવન સે અયબીલની નવ ઓળી પૂર્ણ કરેલી હોવાથી તે નિમિત્તે શ્રી ઉદ્યાપન મહોત્સવ શાન્તિસ્નાત્ર સહિત આ વર્ષે શ્રી સમેશ્વરજીમાં ઉજવાય છે તેમજ તેમના તરફથી શ્રી નવ પદ આરાધક સમાજદ્વારા સખ્યાબંધ આત્માઓને શ્રી નવ પદનું આરાધન કરાવાય છે તેની અમે અનુમોદના કરીએ છીએ

—પ્રકાશક

ચૈ શુ ૪ ૧૯૯૪

અનુક્રમણિકા

પ્રાસ્તાવિક કથન



સાચા સુખની સાચી આરાધના:

સર્વ શાસનોને શાસન આપવાનો શાશ્વત હક્ક ધરાવતું શ્રી જિનશાસન, શ્રી જિનેશ્વરદેવના આત્માઓને, અજોડ આત્માઓ તરીકે ઓળખાવે છે. એવા આત્માઓ અત્યાર સુધીમાં અનન્તા થઈ ગયા છે, અનન્તા થશે અને વર્તમાનમા પણ શ્રી મહાવિદેહ ક્ષેત્રમાં ભાવ અરિહંત તરીકે વીસ વિહરમાન છે. એ સઘળાય અનન્તઉપકારી શ્રી અરિહંતદેવોએ ફરમાવ્યું છે, ફરમાવે છે અને ફરમાવશે કે-જીવ, કર્મ અને એ ઉભયનો યોગ-આ ત્રણેય વસ્તુઓ અનાદિ છે. જીવ અને કર્મનો યોગ એજ સંસાર છે અને જીવ અને કર્મના યોગનો સર્વથા વિયોગ એજ મોક્ષ છે સસાર દુ:ખમય છે, દુ:ખફલક છે અને દુ:ખપરપરક છે: જ્યારે મોક્ષ એકાન્તે સુખમય છે. આથી સુખના અર્થિએ, અનાદિથી પોતાના આત્માને વળગેલા જડના યોગથી આત્માને અલગ બનાવવાનો પ્રયત્ન કરવો, એજ વાસ્તવિક આરાધના છે:



કારણ કે–જડના યોગથી આત્માનો સર્વથા વિયોગ એજ મુક્તિ છે અને એવી મુક્તિ આત્મા જ્યાં સુધી ન મેળવે, ત્યા સુધી તે પોતાની અનંતી ઋદ્ધિસિદ્ધિનો સાચો ભોક્તા બની શકતો નથી.

દર્શન–જ્ઞાન–ચારિત્રના યોગથી મુક્તિ

આત્માને અનાદિથી વળગેલા જડના યોગનો સર્વથા વિયોગ થયા વિના, આત્મા પોતાની અનંતી ઋદ્ધિસિદ્ધિનો સાચો અનુભવ કરી શકતો નથી, એ વિષેનો વાસ્તવિક ખ્યાલ એનું જ નામ સમ્યગ્દર્શન છે સમ્યગ્જ્ઞાન તરીકે ગણાતી દ્વાદશાગી પણ એજ વસ્તુને સ્પષ્ટ કરવા માટે સર્જાયેલી છે. અને એ દ્વાદશાગીએ, એ જડના યોગને નિવારવા માટે બતાવેલા ઉપાયોનો જીવનમાં અમલ થવો, એજ શ્રી જૈનશાસનનું સમ્યક્ચારિત્ર એ દર્શન, એ જ્ઞાન અને એ ચારિત્ર ત્રણનો જ્યારે સમુચિત યોગ થાય છે, ત્યારે જ આત્મા પોતાની મુક્તિ સાધવાને સમર્થ બની શકે છે

ભવ્ય અને અભવ્ય :

આ વસ્તુ તેજ આત્માને જચે છે, કે જે આત્માની દર્શનમોહનીય ઉપશમ, ક્ષયોપશમ યા ક્ષયભાવને પામેલી હોય. એવો ઉપશમ, એવો ક્ષયોપશમ અને એવો ક્ષય થવો–એ કાંઈ સઘળાય આત્માઓને માટે શક્ય નથી. એવા પણ આત્માઓ છે કે–જે આત્માઓની દર્શનમોહનીયનો એવો ઉપશમ, ક્ષયોપશમ કે

ક્ષય થયો પણ નથી અને થવાનો પણ નથી જે આત્માઓ દર્શનમોહનીયના એવા ક્ષય, ક્ષયોપશમ કે ઉપશમને પામવાને માટે લાયક જ નથી, તેઓને શ્રી જૈનશાસન અભવ્ય તરિકે ઓળખાવે છે અને ભવ્ય આત્માઓ તે કહેવાય છે, કે જે આત્માઓ પોતાની દર્શનમોહનીયનો એવો ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષય પામવાને માટે લાયક હોય છે

તથાભવ્યત્વ :

એવા લાયક આત્માઓ પણ સઘળાય એકીસાથે એ ભાવને પામી શકે છે, એમ બનતું નથી જેઓની ભવિતવ્યતા પરિપક્વ થઈ હોય, તેજ આત્માઓ એ ભાવને પામવાના કારણોને પામીને, એ ભાવને પામી શકે છે દરેક આત્મામા પરિણામ પામતુ તથાભવ્યત્વ અનાદિકાળથી હોય છે એ તથાભવ્યત્વ કાલ, નિયતિ, પુરુષપ્રયત્ન આદિ નિમિત્તો પામીને ફેરફાર થયા કરે છે

તથાભવ્યત્વના પરિપાકનાં સાધનો

એ તથાભવ્યત્વને પરિપાક પમાડવા માટે અનેક સાધનો છે, એમ શ્રી જિનેશ્વરદેવોનુ શાસન ફરમાવે છે સાચા સુખના અર્થિ ભવ્ય આત્માઓએ, સદ્‌ગુરુદ્વારા એ સાધનોને સમજી લેવા જોઈએ, એ સાધનોની સદ્દહણા કરવી જોઈએ: અને મન-વચન-કાયાની એકાગ્રતા કેળવીને એ સાધનોનુ સારામાં સારી રીતિએ આરાધન કરવું જોઈએ કારણ કે-દુ ખગાય, દુ ખફલક અને

દુ:ખપરંપરક એવા આ સંસારથી છૂટી અનન્ત સુખના ધામરૂપ શ્રી મુક્તિપદને મેળવવાનો સાચો ઉપાય એ જ છે, એમ અનન્તજ્ઞાનિઓ ફરમાવે છે

શ્રી નવ પદારાધનની શ્રેષ્ઠતા

એ તથાભવ્યત્વનો પરિપાક કરવા માટેના જે સાધનો અનન્ત ઉપકારિઓએ દર્શાવ્યા છે, તેમાં શ્રી અરિહંતાદિ નવ પદોનું આરાધન મુખ્ય ભાગ ભજવે છે એ શ્રી નવ પદમાં શ્રી અરિહંત પરમાત્મા, શ્રી સિદ્ધ પરમાત્મા, શ્રી અરિહંત પરમાત્માએ પ્રરૂપેલા માર્ગે ચાલનારા મુનિવરો અને તે તારકોએ ફરમાવેલો ધર્મ,—એ ચારેય સર્વોત્તમ વસ્તુઓનો સંગ્રહ છે જ્ઞાનિઓની આજ્ઞા મુજબ એક ચિત્તે કરેલી એ ચારની આરાધના, અવશ્યમેવ ઈચ્છિત ફલને આપનારી નિવડે છે શ્રી નવ પદની આરાધનામાં દેવ, ગુરુ અને ધર્મ, એ ત્રણેની આરાધના સમાઈ જાય છે કારણ કે-શ્રી અરિહન્ત અને શ્રી સિદ્ધ એ દેવતત્ત્વ છે શ્રી આચાર્ય, શ્રી ઉપ[illegible] શ્રી [illegible] એ ગુરુતત્ત્વ છે

પદની

ના
આરાધના
અતિશયે
નવ પદની

સ્વરૂપ સમજવાની જરૂર :

શ્રી નવ પદની વાસ્તવિક આરાધના કરવાને માટે શ્રી નવ પદના સ્વરૂપનો વાસ્તવિક ખ્યાલ પામવાનો પ્રયત્ન કરવો, એ પણ પરમ આવશ્યક વસ્તુ છે. શ્રી નવ પદના વાસ્તવિક ખ્યાલપૂર્વક થતું શ્રી નવ પદારાધન આત્માને જે લાભ આપી શકે છે, તે વચનાતીત છે. જે આત્માઓ સર્વથા ભદ્રિક હોઈ, શ્રી નવ પદના સ્વરૂપને સમજવા માટે અસમર્થ છે, તેઓ પણ શ્રી નવ પદના સાચા જ્ઞાતાઓની નિશ્રા સ્વીકારે, તો તેઓને માટે પણ શ્રી નવ પદનું આરાધન શકય છે : છતાં જેઓમાં શ્રી નવ પદના સાચા સ્વરૂપને સમજવાનું સામર્થ્ય છે, તેઓએ શ્રી નવ પદના સ્વરૂપને સમજવાના વિષયમાં પ્રમાદ કરવો, એ તેઓને માટે તો કોઇ પણ રીતિએ હિતકર નથી.

પ્રયત્નનો હેતુ :

એ હેતુથી, જે આત્માઓ સમજવાનું સામર્થ્ય ધરાવે છે અને શ્રી નવ પદના સ્વરૂપને સમજવાને માટે જે આત્માઓ અભિલાષી છે, તેવા આત્માઓને માટે, પોતાના પણ શ્રેયના હેતુને કાયમ રાખીને જ, જ્ઞાનિઓએ વર્ણવ્યા મુજબનું શ્રી નવ પદનું સ્વરૂપ સંક્ષેપથી કહેવાનો અહીં પ્રયત્ન કરવામાં આવે છે.

શ્રી અરિહંત પદ



શ્રી અરિહંતપદની પ્રથમતાનાં કારણો.

દેવ, ગુરૂ અને ધર્મ એ ત્રણેય તત્ત્વોના સમાવેશ-વાળા શ્રી નવ પદોમાં, શ્રી અરિહંત પદ પ્રથમ સ્થાને છે સર્વ પદોમા શ્રી અરિહન્ત પદ પ્રથમ સ્થાને છે, એના અનેક હેતુઓ છે શ્રી સિદ્ધપણાની પ્રાપ્તિ, એ શ્રી અરિહંતદેવોને આભારી છે, એ હેતુ અનેક હેતુ-ઓમાનો મુખ્ય હેતુ છે કલિકાલસર્વજ્ઞ આચાર્યભગવાન શ્રીમદ્ હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા તો, શ્રી સિદ્ધ-પરમાત્માઓને, શ્રી અરિહંત પદના ફલ તરીકે વર્ણવે છે શ્રી આચાર્ય પદ, શ્રી ઉપાધ્યાય પદ અને શ્રી સાધુ પદ,—એ ત્રણ પદો પણ શ્રી અરિહંત પરમાત્માએ પ્રરૂપેલા શાસનની રક્તતા વિના હોઈ શકતાં નથી: અને સમ્યગ્-દર્શનાદિ ચાર પદો તો ખુદ શ્રી અરિહંતદેવોનું શાસન જ છે શ્રી અરિહંતપદના અભાવમાં, શ્રી નવ પદોમાંના એક પણ પદનો સદ્ભાવ સભવતો જ નથી· અર્થાત્—સર્વ પદોનુ જન્મસ્થાન શ્રી અરિહન્ત પદ છે આમ અનેક કારણે, શ્રી અરિહંત દેવો પ્રથમ પદે સુસ્થિત છે

અનાદિથી અજોડપણું :

શ્રી અરિહંતપદે આવનારા આત્માઓને, નિશ્ચયનયે, અનાદિથી સઘળાયે ભવ્યોમાં ઉચ્ચ કોટિના આત્માઓ તરિકે વર્ણવ્યા છે વાત પણ ખરી છે કે-ખાણમા પણ પડેલા જાતિરત્નની સરખામણી, શુદ્ધ એવો પણ કાચ, કદિ જ કરી શકતો નથી જે જાતિનો વિકાસ પામવાની યોગ્યતા શ્રી અરિહંતદેવોના આત્માઓમાં હોય છે, તે જાતિનો વિકાસ પામવાની યોગ્યતા અન્ય આત્માઓમા હોઈ જ શકતી નથી જેમ મુક્તિગમન-યોગ્યત્વ રૂપ ભવ્યત્વ અનાદિસિદ્ધ છે, તેમ શ્રી તીર્થંકરદેવોના આત્માઓમાં શ્રી તીર્થંકરદેવ તરીકે થવાનુ 'તથાભવ્યત્વ' પણ અનાદિસિદ્ધ છે : અને એજ કારણે, એ આત્માઓની સરખામણી તરિકે બીજા આત્માઓનું વર્ણન, શ્રી વીતરાગદેવના શાસનમાં શકય જ નથી

અનેક વિશિષ્ટતાઓ :

અન્ય આત્માઓ જે ભવમાં મુક્તિ પામવાના હોય, તે ભવમાં પણ સમ્યક્ત્વ પામે : જ્યારે શ્રી તીર્થંકરદેવોના આત્માઓ સિદ્ધિગમનના ભવથી ત્રીજા ભવે તો નિયમા સમ્યક્ત્વ પામે જ. અન્ય આત્માઓ કોઇ પણ લિંગે કેવળજ્ઞાન અને સિદ્ધિ પામે : પણ શ્રી અરિહંતદેવોના આત્માઓ તો શ્રી જિનલિંગે જ કેવળજ્ઞાન અને સિદ્ધિ પામે. અન્ય આત્માઓ સિદ્ધિ પામવાના ભવમાં કોઇ પણ કુળમાં જન્માદિ પામે, પણ શ્રી તીર્થંકરદેવોના આત્માઓ તો રાજકુલમાં જ જન્મ પામે : તેમજ ઔદ-

યિક ભાવની જે ઋદ્ધિઓ શ્રી તીર્થંકરદેવના આત્માઓ નિયમા પામે છે અને એ દ્વારા જે અનુપમ કોટિનો પરોપકાર કરે છે, તેવી ઋદ્ધિઓ પામવાનું કે તેવો પરોપકાર કરવાનું પુણ્યસામર્થ્ય પણ અન્ય આત્માઓ કદિ પણ પામી શકતા જ નથી શ્રી અરિહંતદેવોના આત્માઓનું વર્ણન, ભવ્યત્વને ખીલવવામાં સહાયક બની શકવાની જેટલી તાકાત ધરાવે છે, તેવા સહાયક બની શકવાની તેવી તાકાત અન્ય આત્માઓનું વર્ણન ધરાવતું નથી આવી આવી તો અનેક વિશિષ્ટતાઓ શ્રી અરિહંતદેવોના આત્માઓને અંગે રહેલી છે

<u>દેવ કે નરકગતિમાંય ઉત્તમ :</u>

શ્રી અરિહંતદેવોના આત્માઓ શ્રી અરિહંત થવા પૂર્વેના ત્રીજા ભવમાં શ્રી અરિહંતાદિ વીસે સ્થાનકોની અથવા તે પૈકીના એક સ્થાનની અગર વધુ સ્થાનોની ઉત્કટ આરાધના કરવાપૂર્વક, જીવમાત્રને શાસનરસિક બનાવવાની ઉત્કટ ભાવદયાના યોગે, શ્રી તીર્થંકરનામકર્મની નિકાચના અવશ્ય કરે છે એના યોગે સદાય ભાવદયામા ઝીલતા એ તારકોના આત્માઓ, દેવગતિ અગર કવચિત્ નરકગતિમા રહ્યા હોવા છતાં પણ, પોતાની તે ઉત્તમતાને બરાબર જાળવી શકે છે એ પુણ્યાત્માઓ શ્રી તીર્થંકર થવાના ભવમાં ઉચ્ચકુળમાં અને તેમાં પણ રાજકુળમાં જ અવતરે છે દુષ્કર્મના યોગે શ્રી અરિહંતદેવનો કોઈ આત્મા નીચ ગોત્રમાં અવતરે, એમેય બની જાય છે, પરન્તુ એને તો શ્રી જૈનશાસન આશ્ચર્યભૂત બનાવ

તરીકે વર્ણવે છે તે ઉત્તમ આત્માઓના ઉત્તમ ગુણો, તેઓના અવતારની સાથે તેઓની માતાને આવતા ચૌદ મહા સ્વપ્નો સૂચિત કરે છે તેઓના જન્મમહોત્સવને દિશાકુમારિકાઓ અને સુરવરેન્દ્રો પણ અતિ આનન્દિત બનીને ઉજવે છે

બાલવયમાંય મહાજ્ઞાની

જન્મથી માંડીને એ તારકોના દેહમા લોકને આશ્ચર્ય પમાડે તેવા ચાર અતિશયો હોય છે તેઓ ત્રણ જ્ઞાનને સાથે લઈને જ આવે છે તે તારકોના ત્રણેય જ્ઞાનો નિર્મળ કોટિના હોય છે તે તારકો વિશિષ્ટજ્ઞાની હોવાના યોગે જ્ઞાનપ્રધાન જીવન જીવનાર હોઈ, જો પોતાના ભોગફળ કર્મને ક્ષીણ થયેલુ જાણે, તો ભોગોને ભોગવ્યા વિના જ (પાણિગ્રહણાદિ કર્યા વિના જ) મોક્ષસાધક ચારિત્રનો સ્વીકાર કરે છે જ્ઞાનપ્રધાન જીવન જીવનારા તે તારકો, કળાઓનો અભ્યાસ કર્યા વિના પણ સપૂર્ણ ચદ્રની માફક સકલ કલાથી સંપન્ન હોય છે અભ્યાસ વિના પણ એ તારકોના આત્માઓ વિદ્યાના પારને પામેલા હોય છે અને સર્વથા સમુચિત વચનપ્રયોગ કરવામા કુશળ હોય છે એ તારકો બાલ્યકાળમા પણ હોશીયાર સ્થવીરોની માફક સુંદર અને પરિણામદર્શી બુદ્ધિને ધરનારા હોય છે ક્રીડાના સ્થાનસમી ગણાતી બાલવયમા પણ મહાજ્ઞાની એવા શ્રી અરિહંત ભગવાનોના આત્માઓ મોટે ભાગે ક્રીડાથી પરાઙ્મુખ હોઈ, બાળચેષ્ટાથી રહિત હોય છે

તેઓ ઉત્કૃષ્ટ સૌંદર્ય અને સૌભાગ્યથી સુશોભિત હોય છે. સ્વજનો અને લોકોના નેત્રને આનંદ આપનારા એવા તે તારકો, સૌનું પ્રિય કરનારા અને પ્રિય બોલનારા હોઈને, દુશ્મનોના પણ પ્રેમના પાત્ર હોય છે.

ભોગ પણ કર્મક્ષય માટે જ:

યૌવનવયમાં વિહરતા એવા પણ તે તારકો, જિતેન્દ્રિય હોઈ, મોટા પર્વતોની સ્થિરતાને પણ ટપી જાય તેવી સ્થિરતાને, સદાચારાદિમાં ધરનારા હોય છે વિશિષ્ટજ્ઞાની હોઈ જ્ઞાનજીવનને ધરનારા તે તારકો, પોતાના પૂર્વનાં કર્મોને સ્રીના સ્વીકારથી જ જીતવા લાયક જાણે છે, તો જ તેઓ વિવાહનો પણ સ્વીકાર કરે છે તે પરમ વિરક્ત મહાપુરૂષો વિષયનો ભોગવટો પણ, 'કોઈ શત્રુને નીચ ઉપાયથી પણ જીતવો પડે'–એ ન્યાયે નિકાચિત એવા ભોગકર્મોના ક્ષયને માટે જ ભોગવે છે એ જ હેતુથી બહારથી રાગને બતાવતા એવા પણ તે જ્ઞાનિઓ, પ્રવાલની માફક અંત:કરણથી શુદ્ધ દશામાં જ રમનારા હોય છે: અને જગતનું સામ્રાજ્ય પ્રાપ્ત થવા છતાં પણ શુદ્ધ ભાવમાં રમતા તે પુણ્યાત્માઓ આસક્તિભાવને ભજતા નથી.

કલ્પમર્યાદાથી પર:

પોતાના સંયમના અવસરને પણ તે તારકો પોતાના જ્ઞાનથી જાણે છે તે તારકોના સંયમનો અવસર નજદિક આવી લાગતાં, એક વર્ષનો કાળ બાકી

હોય છે ત્યારે લોકાન્તિક દેવતાઓ તે તારકોને-'હે જગદ્‌ગુરૂ! ત્રણ લોકના ઉપકારને માટે ધર્મતીર્થ પ્રવર્તાવો'-એવા પ્રકારની વિનંતિ કરે છે. એક વર્ષ સુધી ઉદ્‌ઘોષણાપૂર્વક ધર્મપ્રભાવક દાનના વરસાદને વરસાવ્યા વિના, તે તારકો, દીક્ષિત થતા જ નથી. દીક્ષિત થયા પછી સંયમપાલનના યોગમાં એકતાન હોઈ, છઠ્ઠે ગુણસ્થાનકે રહેવા છતાં પણ, એ તારકોના આત્માઓ અપ્રમત્તજીવનને જીવનારા હોવા સાથે, શુભ ધ્યાનમાં જ મસ્ત હોય છે. શ્રી જૈનશાસનમાં બીજાઓ ગુરૂ કર્યા વિના ગુરૂ બની શકતા નથી : જ્યારે અનેકના ગુરૂ બનવા છતાં પણ, ગુરૂ વિનાના હોઈ શકતા હોય, તો જગતમાં તેજ એક અજોડ આત્માઓ છે શાસનમાં વર્ણવાયેલા પાંચ પ્રકારના કલ્પોમાંથી કોઈ પણ કલ્પની મર્યાદા પણ તે તારકોને માટે હોતી નથી.

અનુકરણનો નાદ:

એજ કારણે મહાપુરૂષો માત્ર ઉત્સાહ પેદા કરવાના હેતુથી જ, તે તારકોને કોઈ કોઇ સ્થળે અનુકરણીય તરિકે ઓળખાવે છે. એ સિવાય અનુકરણ કરવાની વાતો કરનારાઓને તો, મહાપુરૂષોએ સ્પષ્ટ શબ્દોમાં ફરમાવ્યું છે કે—

"ખાડામાં ફરતા ભૂંડો ઐરાવણનું અનુકરણ કદિ પણ કરી શકતા નથી, માટે અનુકરણના નાદને છોડીને, એ તારકોની આજ્ઞામાં જીવવું એજ એકાન્તે હિતાવહ છે."

શ્રી નવ પદોમા અગર તો શ્રી પંચપરમેષ્ઠી પદોમાં ત્રીજા પદે વર્તતા શ્રી આચાર્યભગવન્તોને, અમૂક બાબતોમાં શ્રી અરિહંતદેવોના અનુકરણ કરનારા તરીકે શાસ્ત્રકારોએ વર્ણવ્યા છે, પણ તે શ્રી અરિહંતદેવોની આજ્ઞાને જ અનુસારે છે બાકી તો એ તારકોનુ અનુકરણ કોઈ ને પણ માટે શક્ય નથી સયમી બનતાની સાથે જ, એ તારકો, જે જાતિનું અપ્રમત્તજીવન છઠ્ઠે ગુણસ્થાનકે પણ જીવે છે, તેવુ જીવન જીવવાનુ અન્ય આત્માઓમા સામર્થ્ય જ સભવતું નથી એજ કારણે જ્ઞાનિઓએ શ્રી અરિહંતદેવોને અરિહંતદેવોના જેવા જ વર્ણવીને, શ્રી અરિહંતદેવો જ શ્રી અરિહંતદેવો જેવા હોઈ શકે, એમ ફરમાવ્યું છે અને વિશિષ્ટ જ્ઞાનથી પર એવા અન્ય શાસનવર્તી આત્માઓને માટે તો એ તારકોની આજ્ઞા મુજબ જ વર્તવાનું ફરમાન કર્યું છે

ઉપકાર કરવામાંય અજોડ

ઉપયોગપૂર્વક વર્તતા તે તારકો અપ્રમત્તજીવનના યોગે અને શુભ ધ્યાનના પ્રતાપે ઘોર ઉપસર્ગો અને પરિષહોને નિર્ભીકપણે સહીને અને ક્ષપકશ્રેણિ ઉપર આરૂઢ થઈને કેવળજ્ઞાન ઉપાર્જે છે કેવળજ્ઞાન થતાની સાથે જ, તે તારકોને કર્મક્ષયથી અગીયાર અને દેવોએ કરેલા ઓગણીસ, એમ ત્રીસ અતિશયો પ્રકટ થાય છે જન્મથી ચાર અને કર્મક્ષય પછી ઉત્પન્ન થયેલા આ ત્રીસ, એમ ચોત્રીસ અતિશયોના પ્રતાપે તે તારકો, આ વિશ્વ ઉપર જે જાતિના ઉપકારો કરે છે, તે જાતિના ઉપકારો

એવા તારકો સિવાય બીજા કોઈથી પણ થવા કોઈ પણ કાળે શક્ય જ નથી. કેવળજ્ઞાન થયા પછી નિર્વાણ થાય ત્યાં સુધી હમેશને માટે ચોત્રીસ અતિશયોથી શોભતા અને સુરેન્દ્રોથી સેવાતા એ તારકો વિચરે છે અને એ રીતિએ પૃથ્વીના પીઠ ઉપર વિચરતા તે પુરૂષોત્તમો પાંત્રીસ ગુણમયી વાણીથી ભવ્ય જીવોને બોધ પમાડે છે. આ રીતિએ અનેક વિષયોમાં પ્રાણિ-માત્રથી સદાને માટે વિશિષ્ટ અવસ્થાને ભોગવતા શ્રી અરિહંતદેવોના આત્માઓ જ પ્રથમ પદે હોઈ શકે છે.

<u>ભક્તિ વિના સિદ્ધિ નહિ :</u>

પાંચે પરમેષ્ઠિઓમાં પ્રથમપદે વિરાજતા અને એ જ કારણે શ્રી નવકારમન્ત્ર જેવા શાશ્વત મંત્રમાં પણ સદાય પ્રથમપદે પૂજાતા શ્રી અરિહંતદેવોના આત્માઓ પ્રત્યે, સાચો ભક્તિભાવ જાગ્યા વિના, જીવનમાં ધારેલી કોઈ પણ ઈષ્ટની સાધના સુંદર રીતિએ સફળ થવી, એ શક્ય જ નથી. શ્રી અરિહંતપરમાત્માઓના આત્મા-ઓની આ પ્રકારની મહત્તાનું વર્ણન, તે જ આત્માઓને રૂચિકર થાય છે, કે જે આત્માઓ આ સંસારના અલ્પ-કાળ માટેના જ મહેમાન હોય છે.

<u>મહાગોપ, મહા માહણ-</u>
<u>મહા નિર્યામક ને મહા સાર્થવાહ :</u>

સંસારના ...ન મહેમાન જેવા બની ગયેલા મહાપુરૂષો ... પુરૂષોત્તમોને મહા ગોપ,

માહણ, મહા નિર્યામક અને મહા સાર્થવાહ તરીકે ખૂબ ખૂબ સ્તવ્યા છે. એ પુરૂષોત્તમો આ વિશ્વના પશુપ્રાય: પ્રાણિઓના રક્ષક હોવાથી મહા ગોવાળ છે, એ શક વિનાની વાત છે: 'મત્સ્ય-ગલાગલ' ન્યાયે પરસ્પર અનેક પ્રકારે હણાઈ રહેલા આત્માઓ માટે આ પુરૂષોત્તમો શુદ્ધ દયાધર્મના પરમ પ્રચારક હોવાથી મહા માહણ છે, એ પણ નિર્વિવાદ વાત છે: દુસ્તર સંસારસાગરમાં ડુબી રહેલા પ્રાણિઓને સંયમરૂપ ઝહાજદ્વારા તારનારા હોવાથી એ મહા તારકોને મહા નિર્યામક કહેવા, એમાં પણ અતિશયોક્તિ જેવું કાંઇ નથી, પણ વાસ્તવિક વસ્તુનિર્દેશ કરવારૂપ જ છે: અને અજ્ઞાનાદિના યોગે સંસારરૂપ ભયંકર અટવીમાં અનાદિથી અટવાઈ રહેલા અજ્ઞાન આત્માઓને જ્ઞાનચક્ષુનું અર્પણ કરવાદ્વારા મોક્ષનગરે સુખપૂર્વક પહોંચાડનારા એવા આ પુણ્યાત્માઓને મહા સાર્થવાહ કહેવા તથા માનવા, એ પણ સર્વ રીતિએ યોગ્ય જ છે.

આજ્ઞાપાલન એજ–

આરાધનાની સાચી રીતિ છે:

આવા અનેક ગુણોના યોગે આ પુણ્યાત્માઓ જગતના સઘળાય જીવો માટે વન્દનીય, પૂજનીય, નમસ્કરણીય આદિ હોય, એ તદ્દન સ્વાભાવિક છે. આવા પુણ્યાત્માઓની વન્દનીયતા, પૂજનીયતા કે નમસ્કરણીયતા માટે જેઓ શંકિત જ રહે, તેઓ માટે સંસાર શાશ્વત જ હોય, એ નિશ્ચિત છે. જેઓને આ સંસાર દુઃખમય,

દુઃખફલક અને દુ:ખપરંપરક ભાસ્યો હોય અને એથી મુક્તિ પ્રત્યે કામના જાગી હોય, તેઓ માટે પ્રથમ નંબરે આરાધ્ય કોઈ પણ હોય, તો તે એક શ્રી અરિહંતદેવના જ આત્માઓ છે એ આરાધ્ય આત્માઓની આરાધનાની સાચી રીતિ તો, એ આરાધ્ય આત્માઓની આજ્ઞાઓનું પાલન કરવું, એજ છે. શ્રી સિદ્ધપણાનું સર્જન, એ શ્રી અરિહંતપરમાત્માઓની આજ્ઞાના પાલન વિના શક્ય નથી. જે જે આત્માઓ શ્રી સિદ્ધિપદને પામ્યા છે, પામે છે અને પામશે, એ શ્રી અરિહંતદેવોની આજ્ઞાની આરાધનાના યોગે જ પામ્યા છે, પામે છે અને પામશે. એજ કારણે શ્રી નવ પદોમાં શ્રી અરિહંત પરમાત્માઓ પ્રથમ પદે, ગણાય છે અને શ્રી સિદ્ધ પરમાત્માઓ આઠેય કર્મોથી રહિત છતાંય બીજા પદે ગણાય છે.

શ્રી સિદ્ધ પદ



શ્રી અરિહંતપદરૂપ બીજનું ફૂલ :

શ્રી નવ પદોમાં પ્રથમ પદે વિરાજમાન શ્રી અરિહંતદેવોના સ્વરૂપનો કાંઈક વિચાર કર્યા પછી, હવે શ્રી નવ પદોમાં બીજું શ્રી સિદ્ધ પદ હોવાથી, તેના સ્વરૂપનો કાંઈક વિચાર કરીએ. સકલ કર્મથી રહિત થઈને સર્વથા

આત્માઓ, સમુદ્‌ઘાત વિના યા સમુદ્‌ઘાત પૂર્વક, શૈલેશીકરણ કરીને જ શ્રી સિદ્ધ પદના ભોક્તા થાય છે. સમુદ્‌ઘાત તેજ કેવળજ્ઞાની પરમર્ષિઓ કરે છે કે-જેઓનાં નામકર્મ આદિ ભવોપગ્રાહી કર્મોની સ્થિતિ આયુષ્યથી વિષમ હોય ભવોપગ્રાહી નામકર્મ આદિ કર્મોની સ્થિતિ આયુષ્યકર્મની સ્થિતિ સાથે સમાન કરવા માટે જ સમુદ્‌ઘાત હોય છે. એ સમુદ્‌ઘાત 'કેવળી-સમુદ્‌ઘાત' તરીકે શ્રી જૈનશાસનમાં સુપ્રસિદ્ધ છે.

લોકાગ્રે ૨/૩ અવગાહનામાં :

શ્રી સિદ્ધ પદે પ્રતિષ્ઠિત થયેલા આત્માઓની અવગાહના, ચરમાવસ્થામાં જે અવગાહના હોય છે, એનાથી ત્રીજા ભાગે ન્યૂન હોય છે. સકલ કર્મનો ક્ષય થયા પછી એક જ સમયમાં સિદ્ધના જીવો લોકાગ્રે પહોંચી જાય છે. સકલ કર્મનો ક્ષય થયા પછી લોકાગ્રે પહોંચવાની એક સમયની ક્રિયા પણ ધનુષ્યમાંથી છૂટેલા બાણની માફક પૂર્વ પ્રયોગથી, તુંબડાની જેમ અસંગપણાથી, એરંડાના ફલની માફક બંધનના છેદથી અને ધુમાડાની માફક ઉર્ધ્વ સ્વભાવથી થઇ શકે છે. શ્રી સિદ્ધના આત્માઓ શ્રી સિદ્ધશિલાની ઉપર લોકના અને એક યોજનના ચોવીસમા ભાગમાં રહેવાવાળા હોય છે. એટલા સ્થાનમાં સઘળાયે સિદ્ધો લોકાગ્રને સ્પર્શીને રહેવાય એ રીતિએ પોતાના ચરમ શરીરની જેટલી અવગાહના તેનાથી ત્રીજા ભાગે ન્યૂન અવગાહનામાં રહે છે. અત્યાર સુધીમાં એવી રીતિએ સદાકાળને

કૃતકૃત્ય બનેલા, એજ કારણે શ્રી સિદ્ધરૂપ થયેલા ગણાતા શ્રી સિદ્ધ આત્માઓને રહેવાનું જે સ્થાન, એને શ્રી સિદ્ધ પદ કહેવામા આવે છે જો એ સિદ્ધ પદ ન હોત, તો શ્રી અરિહંતપદની પણ કિંમત એકાવી મુશ્કેલ થાત : કારણ કે-જે બીજનું ફળ નહિ તે બીજ હંમેશા કિંમત વિનાનું જ ગણાય છે શ્રી અરિહંતપણાની સફળતા શ્રી સિદ્ધ પદને આભારી છે શ્રી અરિહંત થવાની કાર્યવાહી અને શ્રી અરિહંત થવા પછીનો શ્રી અરિહંતપણાનો જે અમલ, તે પણ શ્રી સિદ્ધ પદની પ્રાપ્તિને માટે જ છે જો કે-વીતરાગતાના કારણે શ્રી અરિહંત પરમાત્માનો આત્મા સંસાર કે મોક્ષ પ્રત્યે ઉદાસીન જ હોય છે, છતાયે શ્રી અરિહંતપદનું પણ અન્તિમ ધ્યેય શ્રી સિદ્ધ પદ સિવાય બીજું એક પણ નથી, એ ચોક્કસ બીના છે શ્રી સિદ્ધ પદ, એ એક એવી વસ્તુ છે કે-જેનું સ્વરૂપ શાસ્ત્રોમા વચનાતીત તરિકે વર્ણવાય છે શ્રી સિદ્ધ પદે રહેલા આત્માઓ સદાને માટે પોતાના સ્વરૂપમા રક્ત હોવાના યોગે એવું અનુપમ અને અનિર્વચનીય સુખ અનુભવે છે, કે જે સુખની સરખામણી માટે દૃષ્ટાંત જ મળવુ શકય નથી. આત્માને પીડનારી આધિ, વ્યાધિ, કે ઉપાધિ પૈકીની કોઇ પણવસ્તુ શ્રી સિદ્ધ પદમાં નથી આ હેતુથી શ્રી સિદ્ધ પદનું સ્મરણ પણ આત્માને અનન્ત સુખમાં નિમગ્ન કરનાર છે

કેવળી-સમુદ્ઘાત :

શ્રી અરિહંત પરમાત્માઓની આજ્ઞાના પાલનથી સંગરહિત આદિ બનવાના યોગે કેવળજ્ઞાન પામેલ

આત્માઓ, સમુદ્‌ઘાત વિના યા સમુદ્‌ઘાત પૂર્વક, શૈલેશીકરણ કરીને જ શ્રી સિદ્ધ પદના ભોક્તા થાય છે. સમુદ્‌ઘાત તેજ કેવળજ્ઞાની પરમર્ષિઓ કરે છે કે–જેઓનાં નામકર્મ આદિ ભવોપગ્રાહી કર્મોની સ્થિતિ આયુષ્યથી વિષમ હોય. ભવોપગ્રાહી નામકર્મ આદિ કર્મોની સ્થિતિ આયુષ્યકર્મની સ્થિતિ સાથે સમાન કરવા માટે જ સમુદ્‌ઘાત હોય છે. એ સમુદ્‌ઘાત 'કેવલી–સમુદ્‌ઘાત' તરીકે શ્રી જૈનશાસનમાં સુપ્રસિદ્ધ છે.

લોકાગ્રે ૨/૩ અવગાહનામાં :

શ્રી સિદ્ધ પદે પ્રતિષ્ઠિત થયેલા આત્માઓની અવગાહના, ચરમાવસ્થામાં જે અવગાહના હોય છે, એનાથી ત્રીજા ભાગે ન્યૂન હોય છે. સકલ કર્મનો ક્ષય થયા પછી એક જ સમયમાં સિદ્ધના જીવો લોકાગ્રે પહોંચી જાય છે. સકલ કર્મનો ક્ષય થયા પછી લોકાગ્રે પહોંચવાની એક સમયની ક્રિયા પણ ધનુષ્યમાંથી છૂટેલા બાણની માફક પૂર્વ પ્રયોગથી, તુંબડાની જેમ અસંગપણાથી, એરંડાના ફલની માફક બંધનના છેદથી અને ધુમાડાની માફક ઉર્ધ્વ સ્વભાવથી થઇ શકે છે. શ્રી સિદ્ધના આત્માઓ શ્રી સિદ્ધશિલાની ઉપર લોકના અંતે એક યોજનના ચોવીસમા ભાગમાં રહેવાવાળા હોય છે. એટલા સ્થાનમાં સઘળાયે સિદ્ધો લોકાગ્રને સ્પર્શીને રહેવાય એ રીતિએ પોતાના ચરમ શરીરની જેટલી અવગાહના તેનાથી ત્રીજા ભાગે ન્યૂન અવગાહનામાં રહે છે. અત્યાર સુધીમાં એવી રીતિએ સદાકાળને

માટે ફરી ન આવવું પડે એ પ્રકારની શરીરરહિત અવસ્થામાં અબાધાપણે અનન્તકાળ સુધી રહેનારા અનન્તા આત્માઓ થયા છે, વર્તમાનકાળમાં સંખ્યાબંધ થઈ રહ્યા છે અને ભવિષ્યકાળમાં અનંતા થશે.

અનન્તગુણી અને નિર્ગુણી :

શ્રી સિદ્ધપદને પામવા દ્વારા અક્ષય સુખમાં સ્થિર થયેલા આત્માઓ, ક્રમસર એક સમયના કેવળજ્ઞાન અને કેવળદર્શન નામના ઉપયોગમાં સદાય વર્ત્યા કરે છે. આત્માના ગુણોની અપેક્ષાએ એ આત્માઓ અનન્તગુણી કહેવાય છે અને વૈભાવિક ગુણોની અપેક્ષાએ એ આત્માઓ ગુણરહિત કહેવાય છે આઠ કર્મના ક્ષયથી ઉત્પન્ન થયેલા આઠ ગુણોની અપેક્ષાએ, શ્રી સિદ્ધ આત્માઓ આઠ ગુણોના સ્વામી કહેવાય છે અને આઠ કર્મના ક્રમસર પાંચ, નવ, બે, બે, ચાર, બે, બે અને પાંચ, એ ઉત્તરભેદના સર્વથા ક્ષયની અપેક્ષાએ શ્રી સિદ્ધ આત્માઓ એકત્રીસ ગુણના સ્વામી પણ કહેવાય છે. અનન્તજ્ઞાન, અનન્તદર્શન, અનન્તચારિત્ર અને અનન્તસુખ અથવા અનન્ત વીર્ય, એ ચતુષ્કના પણ સ્વામી તરીકે શ્રી સિદ્ધ પદે પ્રતિષ્ઠિત થયેલા આત્માઓને ઓળખાવાય છે જેવી રીતિએ જંગલમાં વસતો ભીલ્લ, જાણવા છતાં પણ નગરગુણોનું વર્ણન કરી શકવા સમર્થ બની શકતો નથી, તેવી જ રીતિએ શ્રી સિદ્ધપદે વિરાજેલાઓના ગુણોને યથાસ્થિતપણે અને સંપૂર્ણ-

પણે જાણવા છતાં પણ, જ્ઞાનિઓ તેનું સંપૂર્ણ વર્ણન કરવાને સમર્થ થઈ શકતા નથી

મોક્ષમાર્ગના પ્રેરકો:

આવી રીતિના અનન્ત ગુણોના ધારક બનેલા શ્રી સિદ્ધના આત્માઓ અનન્ત, અનુત્તર, અનુપમ, શાશ્વત અને સદા સ્થાયી આનંદને આપનાર શ્રી સિદ્ધિસુખના ભોક્તા હોઈને, આસન્નભવ્યોને અનન્તજ્ઞાની શ્રી જિનેશ્વરદેવોએ પ્રરૂપેલા મોક્ષમાર્ગે પ્રયાણ કરવાની પ્રેરણા આપવાદ્વારા, મહોપકારી બની રહે છે આ જ હેતુથી શ્રુતકેવળી ભગવાન શ્રીમદ્ ભદ્રબાહુસ્વામિજી મહારાજા, શ્રી સિદ્ધપરમાત્માના સ્વરૂપનો ખ્યાલ આપતાં ફરમાવે છે કે–

"ઔદારિકાદિ પાંચે શરીરોથી રહિત, અનન્તકેવળજ્ઞાન અને કેવળદર્શન વડે સર્વ પદાર્થોના સર્વ ગુણો અને સર્વ પર્યાયોને પ્રતિસમયે જાણી અને જોઈ રહેલા તથા અવિનાશી ભાવથી જગતના જીવોને મોક્ષમાર્ગ પ્રત્યે અખંડ શ્રદ્ધા ઉત્પન્ન કરાવનારા શ્રી સિદ્ધ પરમાત્માઓ કલ્યાણકાંક્ષી આત્માઓ માટે અવશ્ય આરાધવા યોગ્ય છે."

અનન્તસુખની અનુપમેયતા:

અવ્યાબાધ ગુણને પામેલા શ્રી સિદ્ધ પરમાત્માઓને જે સુખ છે, તે સુખ મનુષ્યોમાં ચક્રવર્તી આદિ ષટ્ખંડભૂમિના [illegible] પણ નથી અને દેવોમાં અનુત્તરવિમાન[illegible] પણ નથી. ત્રણે કાળમાં

ઉત્પન્ન થનારૂં સમસ્ત દેવગણનું સુખ, સર્વકાળના સમયો વડે અનન્ત ગુણું કરીને, તેનો અનંતીવાર વર્ગ કરવામાં આવે, તો પણ તે શ્રી સિદ્ધપરમાત્માના સુખને પહોંચી શકતું નથી. આ જ હેતુથી શ્રી સિદ્ધપરમાત્માઓના એ અનંતસુખની અનુપમેયતાનું વર્ણન કરતાં મહાજ્ઞાનિઓ ફરમાવે છે કે–

"સ્વસ્વભાવમાં અવસ્થિત હોવાથી શ્રી સિદ્ધ-પરમાત્માઓ સદાને માટે તૃપ્ત છે : એજ કારણે સઘળાય પ્રકારની ઉત્સુકતાથી રહિત હોઈને શ્રી સિદ્ધ પરમાત્માઓ અતુલ શાન્તિને પામેલા છે: અને કર્મબીજ સર્વથા બળી જવાના યોગે પુનર્ભવરૂપી અંકુર વિનાના હોઈ સદાને માટે શાશ્વત અને અવ્યાબાધ સુખને પામેલા છે."

<u>મહોપકારી હોઈ એકાન્તે આરાધ્ય :</u>

તે શ્રી સિદ્ધ પરમાત્માઓ કૃતકૃત્ય હોવાના કારણે સિદ્ધ છે. કેવળજ્ઞાન અને કેવળદર્શનદ્વારા સમસ્ત વિશ્વને જાણનારા હોવાથી બુદ્ધ છે: સંસારસમુદ્રના પારને પામેલા હોઈ પારગત છે : તથા સમ્યક્ત્વ, જ્ઞાન અને ચારિત્રના ક્રમસર સેવનથી મુક્તિને પામેલા હોઈ, તેઓ પરંપરાગત પણ કહેવાય છે. વધુમાં સકલ કર્મોથી રહિત હોવાના કારણે, શ્રી સિદ્ધભગવાનો કર્માવરણોથી સર્વથા મુક્ત છે, વૃદ્ધાવસ્થાદિ અવસ્થાંતરોનો અભાવ હોવાથી અજર છે, આયુષ્યકર્મના અભાવે અમર છે અને સકલ કલેશથી મૂકાયેલા હોવાને અંગે અસંગ પણ છે. આ બધા

ગુણોના યોગે, શ્રી સિદ્ધ પરમાત્માઓ, ભવ્યાત્માઓને મુક્તિના પ્રેમી બનાવનારા છે, ભવ્યાત્માઓના અન્તરમાં મુક્તિમાર્ગના મુસાફર બનવાની વૃત્તિને જગાડીને ખીલવનારા છે તેમજ મુક્તિની સાધનામા જ તે વૃત્તિને એકતાન બનાવવામાં સહાયક થનારા છે શ્રી સિદ્ધ પરમાત્માઓ પણ આવો મહોપકાર કરનારા ગણાતા હોઈ ને, કલ્યાણના કામી આત્માઓને માટે એકાંતે આરાધવા યોગ્ય છે.

શ્રી આચાર્ય પદ



શ્રી ગુરૂતત્ત્વનું પ્રથમ પદ :

શ્રી નવ પદોમાં પ્રથમ પદ શ્રી અરિહન્ત પદ અને બીજુ પદ શ્રી સિદ્ધ પદ–આ બે પદે રહેલા આત્માઓ શ્રી દેવતત્ત્વમાં ગણાય છે એ બેય પદોના સ્વરૂપને સદા સ્થાયી રાખવા માટે, શ્રી ગુરૂતત્ત્વ, એ પણ એક આવશ્યક તત્ત્વ છે અને એ તત્ત્વમાં ત્રીજા પદે વર્તતા શ્રી આચાર્યભગવાનો, ચોથા પદે વર્તતા શ્રી ઉપાધ્યાયભગવાનો અને પાંચમા પદે વર્તતા શ્રી સાધુભગવાનો આવે છે: એટલે શ્રી દેવતત્ત્વમા આવતાં બે પદોનું વર્ણન કર્યા બાદ, હવે ? રૂતત્ત્વમાં આવતાં ત્રણ પદો પૈકીના પ્રથમપદે અ  અનન્તજ્ઞાની શ્રી અરિહંત

પરમાત્માએ સ્થાપેલા શાસનનો અવિરત પ્રચાર આદિ કરવા માટે જ જીવનને સમર્પી ચૂકેલા શ્રી આચાર્ય ભગવાનોના સ્વરૂપનું પણ કાંઈક વર્ણન કરવામાં આવે છે કારણ કે-જેમ શ્રી દેવતત્ત્વમાં આવતા બે પદોનું સ્વરૂપ જાણવું આવશ્યક છે, તેમ શ્રી ગુરૂતત્ત્વમાં આવતા ત્રણ પદોનું અને શ્રી ધર્મતત્ત્વમાં આવતા ચાર પદોનું સ્વરૂપ જાણવું, એ પણ જરૂરી છે

નામાચાર્યો અને દ્રવ્યાચાર્યોથી બચવાની જરૂર

શ્રી ગુરુતત્ત્વના ત્રણ પદોમાં પ્રથમ પદે શ્રી આચાર્ય ભગવાનો છે અને એ તારકોની આજ્ઞાવિહિત નિર્દોષ પ્રવૃત્તિ ઉપર જ શાસનની શુદ્ધ પ્રવૃત્તિ નિર્ભર છે જે કાળમાં શાસનને જ એક વફાદાર રહેનારા આચાર્ય ભગવાનો સારી રીતિએ હયાતિ ભોગવતા હોય છે, તે કાળે શાસન સૂર્યની માફક ઝળહળતુ રહેવાથી કુમતિ કૌશિકો શાસનની સામે દૃષ્ટિ પણ માંડી શકતા નથી શાસનને સમર્પિત થયેલા આચાર્યો જ, શાસનને જીવનમાં જીવતા હોવાથી, ભાવાચાર્ય તરીકે પૂજવાને લાયક છે નામાચાર્યો અને દ્રવ્યાચાર્યોની શ્રી જિનેશ્વરદેવના શાસનમાં ફુટી કોડી જેટલી પણ કિંમત નથી મહાજ્ઞાનિઓ ફરમાવે છે કે-શ્રી વીતરાગના શાસનમાં એવા પણ આચાર્યો થયા છે, થાય છે અને થશે, કે જેઓનું નામ માત્ર લેવાથી પણ આત્મા પ્રાયશ્ચિત્તનો ભાગીદાર થાય છે એવા નામાચાર્યો અને દ્રવ્યાચાર્યોથી બચવાની

પ્રત્યેક મોક્ષના કામી આત્માએ ભાવાચાર્યોના સ્વરૂપને સમજી લેવાની અતિશય આવશ્યક્તા છે

પંચાચારના પાલક અને પ્રકાશક :

શ્રી જિનશાસનમા ત્રીજે પદે પૂજવા લાયક ભાવાચાર્યો તેજ હોઈ શકે છે, કે જેઓ અનન્તજ્ઞાની શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવેલા જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર નામના પાચેય આચારોને પોતાના આત્મા સાથે અનન્તજ્ઞાનિઓની આજ્ઞા મુજબ એકસાત્ બનાવીને, સદા લોકના અનુગ્રહની ખાતર એ પાંચ આચારોનુ જ પ્રકાશન અપ્રમત્તપણે કરનારા હોય છે આ પાચે આચારો એવા છે કે–જેમા વિશ્વભરના સઘળાય સદાચારોનો સમાવેશ થઈ જાય છે: અને એથી આ પાચ આચારોના ઉપદેશથી સઘળાય સદાચારો સ્વય ઉપદેશાઈ જાય છે

મહત્તા ન સમજાય તો :

આ પાચ આચારો પામવાનો દાવો કરવા છતાંય, જેઓને લોકરજન કરવા ખાતર બીજા ઉપદેશો દેવાનુ મન થાય છે, તેઓ ઈચ્છે કે ન ઈચ્છે તે છતાં ય, નામાચાર્યની કે દ્રવ્યાચાર્યની કોટિમા પોતાનું નામ નોધાવે છે પોતાને આચાર્ય ગણાવવા છતા પણ, અનન્તજ્ઞાની શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવેલા જ્ઞાનાચારાદિ પાચ આચારોની આ મહત્તા જેઓને ન સમજાતી હોય, તેઓએ તો પો [illegible] ની ખાતર પણ શ્રી આચાર્યપદને કલંકિત [illegible] ર્લું, એજ વધુ હિતાવહ છે

યુગપ્રવરતાને અખંડિત જાળવનારા:

જ્ઞાનાચારાદિ જેવા પાંચ આચારોને જીવનમાં એક-ધારી રીતિએ જીવતા ભાવાચાર્યોને, લોકહેરી સ્પર્શી પણ કરી શકતી નથી: અને એજ કારણે તે તારકો અલ્પ-સંસારી ભવ્યાત્માઓને લોકહેરીથી બચાવી ધર્મના સાચા પૂજારી બનાવી શકે છે. જેઓ સ્વયં લોકહેરી તજી શક્યા નથી, તેઓ સ્વયં ધર્મથી વિમુખ હોઈ બીજાઓને ધર્મ પમાડવાનો દાવો કરે, એ પોતાના આત્માની વિટંબના સિવાય બીજું કશું જ નથી. ભાવાચાર્યો લોક-હેરીથી પર રહી, પંચાચારનું પાલન કરવા અને કરાવ-વામાં ઉદ્યુક્ત હોવાના કારણે જ, વિશ્વમાં પોતાની યુગ-પ્રવરતાને અખંડિત રાખી શકે છે. ઉત્તમ દેશ, ઉત્તમ કુળ અને ઉત્તમ જાતિમાં જન્મેલા તે પુણ્યાત્માઓ, સદ્‌ગુરૂદ્વારા પ્રભુશાસનને પામી, સંસારના સકળ સંગોને તજી, સુંદરમાં સુંદર કોટિનું ગુરૂકુળવાસ જીવન જીવી, વિધિવિધાનપૂર્વક ગુરૂદ્વારા સૂત્ર-અર્થના સારને પામી, ગુરૂદ્વારા જ ગુરૂપદને પામી,–એમ અનેક ગુણગણના ધારક બનેલા તે સદા પોતાની યુગપ્રવરતાને અખંડિત રાખી અનેક ભવ્યાત્માઓને પ્રભુમાર્ગના સાચા મુસા-ફર બનાવી શકે છે.

અપ્રમત્તભાવને ભજનારા:

અનેક ગુણોના યોગે ભાવાચાર્ય બનવાની લાયકાત પામેલા અને સદ્‌ગુરૂ દ્વારા ત્રીજા પદે સુપ્રતિષ્ઠિત થયેલા

તે પુણ્યાત્માઓ, અનેક ગુણગણના ધારક હોવાના કારણે, સ્વપર-હિતની ચિન્તામાં મશ્ગુલ બન્યા રહે છે અને એજ કારણે એ તારકો સદાય પ્રમાદના ત્યાગી, વિકથાઓથી વિરક્ત અને અપ્રશસ્ત કષાયોથી પર રહી એકાન્તે ધર્મના જ ઉપદેશમાં આસક્ત રહે છે. પોતાની નિશ્રામાં રહેતા ગચ્છના શ્રેય ખાતર સારણા, વારણા, ચોયણા અને પડિચોયણાનો યથાવસર ઉપયોગ કરવામાં, તે પરમોપકારિઓ કદિ પણ ઉપેક્ષા કરતા નથી. સૂત્રના સારને જાણનારા અને પરોપકારમાં જ એક તત્પર એવા તે પરમર્ષિઓ, સદા તત્ત્વના ઉપદેશનું દાન કરવામાં અપ્રમત્તભાવને ભજનારા હોય છે.

સૂર્ય-ચંદ્રની ગેરહાજરીમાં દીપક સમાન :

પોતાના આધારે રહેનારાઓ ઉન્માર્ગે ન જાય અને સદાય સન્માર્ગમાં સ્થિર રહે, એની પૂરતી કાળજીવાળા તે પરમોપકારિઓ ઉન્માર્ગનું ઉન્મૂલન કરવા પૂર્વક સન્માર્ગનું સંસ્થાપન કરવા માટે પણ સજ્જ જ હોય છે. શ્રી જિનેશ્વરદેવો રૂપી સૂર્ય અને શ્રી કેવળજ્ઞાની પરમર્ષિઓ રૂપી ચંદ્રની ગેરહાજરીમાં પણ શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવેલાં તત્ત્વોનું પ્રકાશન કરનારા હોવાને કારણે શ્રી આચાર્યભગવાનો દીપક સમાન છે, એમ જ્ઞાનિઓ ફરમાવે છે. શ્રી જિનેશ્વરદેવ રૂપી સૂર્ય અને શ્રી કેવળજ્ઞાની રૂપી ચંદ્રની ગેરહાજરીમાં પ્રદીપની ઉપમાને ધરનારા તેઓ, અવસરે [illegible] સત્યનું પ્રકાશન કરવામાં પણ કદિ જ પાછી [illegible]રે, એ નિર્વિવાદ વાત છે.

શ્રેષ્ઠ હિતસાધક

તત્ત્વ પ્રકાશનના સમયે જેઓ નામના ખાતર મૌન રહેવાની ભાવનાવાળા બને છે, તેઓ ભાવાચાર્ય તરીકે ગણી શકાવાને લાયક રહેતા નથી કારણ કે-પાપના સમુદાયથી વેષ્ટિત થઈ સંસારરૂપી મોટા અંધારીયા કૂવામાં પડતા પ્રાણિઓને ઉદ્ધરવાની ફરજ ભાવાચાર્યોની છે. એ ફરજ તો જ અદા થાય, કે જો અવસરે સત્ય-પ્રકાશનશક્તિને અખંડિત ગણવામાં આવે. પોતાની ફરજને અદા કરવા માટે અને યોગ્ય પ્રાણિઓને ઉન્માર્ગથી બચાવવા તથા સન્માર્ગમાં લાવી સુસ્થિત બનાવવા માટે, સત્યપ્રકાશ-શક્તિનો સદુપયોગ કરતા તે પુણ્યાત્માઓને મહા પુરૂષો માતા, પિતા અને બન્ધુ આદિથી પણ જીવોના અધિક હિતસાધક તરીકે વર્ણવે છે. ભાવાચાર્યો સર્વ સામર્થ્યનો સદુપયોગ કરીને પોતાની આ ઉપમાને સુસફલ બનાવી દે છે

ભીમ-કાન્ત ગુણને ધરનાર

અનેક લબ્ધિઓને ધરનાર તથા અતિશયસંપન્ન ભાવાચાર્યો તો અનેક પ્રકારે શાસનની પ્રભાવના માટે ઉદ્યુક્ત હોય છે એજ કારણે ભાવાચાર્યો શ્રી જૈનશાસનમાં રાજા તરીકેનું સ્થાન ભોગવે છે શ્રી જૈનશાસનના રાજા ગણાતા ભાવાચાર્યો, શ્રી જૈનશાસનને થતી હાનિ ન સહી શકે, એ તદ્દન સ્વાભાવિક વસ્તુ છે શ્રી જૈન-શાસનની હાનિ કરનારાઓ પ્રત્યે છતે સામર્થ્યે ઉપેક્ષા

કરનારા તેઓ હોય જ નહિ. શ્રી જૈનશાસનને હાનિ પહોંચાડવા ઉદ્યત થયેલાઓને તો ભાવાચાર્યોની છાયા પણ સહવી ભારે પડે. જેમ રાજાઓ ભીમ અને કાન્ત ગુણને ધરનારા હોય છે, તેમ શ્રી જૈનશાસનના રાજાસમા ભગવાન ભાવાચાર્યો પણ ભીમ-કાન્ત ગુણને ધરનારા જ હોય. એ ગુણ વિના રક્ષાની ફરજ અદા થઇ શકતી જ નથી. ફરજને નહિ સમજનારા કે ફરજને અદા કરવાની ઉપેક્ષા કરનારા, પોતામાં ભાવાચાર્યપણું નથી, એમ પોતે જ પોતાના વર્તનથી જાહેર કરનારા છે. ભાવાચાર્યોના જીવનને જાણનારાઓ તો, આ બધી વસ્તુઓને ઘણી જ સ્હેલાઇથી સમજી શકે તેવું છે.

જોખમદારી :

ગુરૂપદે વિરાજતા એ પુણ્યપુરૂષોને છત્રીસ ગુણોના ધારક તરીકે પણ શ્રી જૈનશાસનમાં વર્ણવવામાં આવે છે. એ પુણ્યપુરૂષોના એ છત્રીસ ગુણોને પણ જ્ઞાનિઓએ અનેકરૂપે વર્ણવ્યા છે. અનેક પ્રકારે છત્રીસ ગુણોના ધરનારા તે પુણ્યાત્માઓને, શ્રી જિનેશ્વરદેવના અભાવમાં શ્રી જિનેશ્વરદેવ જેવા માનવાનું અને તેમની જ આજ્ઞાઓમાં અડગપણે રહેવાનું, કલ્યાણાર્થિ આત્માઓ માટે શ્રી જૈનશાસનમાં વિધાન છે. એ વિધાન પણ શ્રી આચાર્યપદની જોખમદારી કેટલી છે, એ સ્પષ્ટ કરે છે. શ્રી જિનેશ્વરદેવો છદ્મસ્થાવસ્થામાં ચાર જ્ઞાનના ધણી છતાં પણ જે હેતુથી પ્રાય: મૌન સ્વીકારે છે, તે હેતુ ધ્યાનમાં રહી  ે બરાબર સમજાઈ જાય તોય

શ્રી આચાર્ય પદની જેણમદારી આપોઆપ સમજાઈ જાય તેમ છે.

શ્રી ઉપાધ્યાયાદિ માટે આરાધ્ય :

જેમ શ્રી આચાર્ય ભગવાનોનું કથન શ્રી જૈનશાસનમાં શ્રી જિનેશ્વરદેવોની આજ્ઞા મુજબ જ મનાવું જોઇએ, તેમ એ પણ સાથે જ સમજી લેવાનું છે કે–શ્રી આચાર્યભગવાનોનું કથન પણ શ્રી જિનેશ્વરદેવોની આજ્ઞાથી અવિરૂદ્ધ જ નીકળવું જોઈએ. શ્રી જૈનશાસનમાં શ્રી અચાર્યભગવાનનું સ્થાન આવું અનોખું છે, એથી આવા સ્થાનની મહત્તા, શ્રી જિનેશ્વરદેવના શાસનમાં ગમે તેવા પ્રસગે અને ગમે તેટલા ભોગે પણ સાચવવામાં જ સ્થાન પામ્યાની સાર્થકતા છે. પોતાના સ્થાનને માનાદિકના કારણે નહિ શોભાવી શકનારાઓ, આવા કિંમતી સ્થાનને પોતાની પામરતાના યોગે કલંકિત કરવાનું પાપ વહોરે છે, એમાં લેશ પણ અત્યુક્તિ નથી. જે પુણ્યાત્માઓ એ સ્થાનને દીપાવી પ્રભુશાસનનો પ્રભાવ ફેલાવવા પોતાથી બનતું કરવામાં કશી જ કમીના નથી રાખતા, તેઓ શ્રી નવ પદોમાં અને શ્રી પંચપરમેષ્ઠી પદોમાં ત્રીજા પદને અલંકૃત કરનારા હોઈ, શ્રી જૈનશાસનના રાજપદે હોવાથી, શ્રી ઉપાધ્યયાદિ સૌને એકસરખી રીતિએ આરાધવા યોગ્ય છે.

* * *

શ્રી ઉપાધ્યાય પદ



પથ્થર જેવાનેય પ્રાણવાન બનાવનારા:

ભગવાન ભાવાચાર્યની આજ્ઞા નીચે વિહરતા મુનિગણને સિદ્ધાન્તનું દાન દેનારા અને ભાવાચાર્યરૂપ રાજાના મંત્રિપદને અલકૃત કરનારા શ્રી ઉપાધ્યાયભગવાનો ચોથા પરમેષ્ઠિપદે પ્રતિષ્ઠિત છે એ પરમર્ષિઓ શ્રી આચારાંગ આદિ બારેય અંગસૂત્રોના સ્વાધ્યાયના પારગામી અને તેના અર્થોના ધારક હોવા સાથે, તે સૂત્ર અને અર્થ ઉભયનો વિસ્તાર કરવામાં સદા રક્ત હોય છે. એ પરમર્ષિઓ શિષ્યગણને સૂત્રનું દાન એવી રીતિએ કરે છે, કે જેથી પથ્થર જેવા જડ શિષ્યો પણ સૂત્રના જ્ઞાનરૂપ પ્રાણને ધરનારા બની જાય છે એ ગુણના યોગે એ મહાપુરૂષો સકલ જન માટે પૂજનીય બને, એમાં કશું જ આશ્ચર્ય નથી: કારણ કે-શ્રુતજ્ઞાનના દાન જેવું ઉત્તમ દાન આ વિશ્વમાં બીજું એક પણ નથી.

ગારૂડી સમાન :

સમ્યક્ત્વની નિર્મળતા પણ શ્રુતજ્ઞાનને આભારી છે, અને ચારિત્રની શુદ્ધિ તથા વૃદ્ધિ પણ શુદ્ધ કોટિના શ્રુતજ્ઞાન ઉપર જ નિર્ભર છે. એવા અનુપમ શ્રુતજ્ઞાનના દાતા શ્રી ઉપાધ્યાયભગવાનો, આ શાસનમાં ઘણું જ ઉચુ ...ભોગવે છે. એ મહાગુણના

યોગે ચોથા પદે રહેલા શ્રી ઉપાધ્યાય ભગવાનો, મોહરૂપી સર્પના દશના યોગે જ્ઞાનરૂપ પ્રાણથી રહિત બની ગયેલા પ્રાણિઓ માટે મહા ગારૂડીનું કામ કરી શકે છે શ્રુત જ્ઞાનના દાનથી, એ મહાપુરૂષો, મોહરૂપ સર્પના કરડવાના યોગે જ્ઞાનરૂપ ચેતનાથી હીન થવાના કારણે મુડદાલ જેવા બની ગયેલા જીવોમા ચેતના પ્રગટ કરી શકે છે અને એ દ્વારા તેઓને સ્વપરનું હિત સાધતા બનાવી શકે છે.

ધન્વન્તરી વૈદ્ય સમાન

અજ્ઞાનરૂપ વ્યાધિથી પીડિત બનેલા પ્રાણિઓને માટે એ મહાપુરૂષો ધન્વન્તરી વૈદ્યની ગરજ પણ સારે છે કારણ કે-એ મહાપુરૂષો અજ્ઞાનરૂપ વ્યાધિથી વિધુર બની રહેલા પ્રાણિઓને, સારભૂત શ્રુતજ્ઞાનરૂપી રસાયણ દ્વારા અજ્ઞાનરૂપ રોગને ટાળીને સાચા જ્ઞાની બનાવી, સાચા આરોગ્યનો આસ્વાદ લેતા કરી શકે છે

મદથી મૂકાવનારા

માનરૂપ મહા મદથી મદોન્મત બનેલા પ્રાણિઓને નમ્ર બનાવવાની કળામા પણ આ મહાપુરૂષો અતિ કુશળ હોય છે, કારણ કે-વિનયગુણના તેઓ ધામભૂત હોય છે એ તારકોની વિનયશીલતાથી જ, શિષ્યગણ, વિના ઉપદેશે પણ વિનયશીલ બની જાય છે એ તારકોના સહવાસ માત્રથી મદોન્મત્ત માનહસ્તિ ઉપર ચઢેલા પ્રાણિઓ પણ માનમુક્ત બની જાય છે કારણ કે-ગુણ વનને ભાંગી-તોડી નાખનાર માનરૂપ મદોન્મત્ત હસ્તિને

દમનાર જ્ઞાનરૂપ અંકુશ આપવાની શક્તિ તેઓની પાસે અમોઘ છે અને એથી જ શ્રી વીતરાગદેવના શાસનમાં એ મહાપુરૂષોની નામના એવી છે કે–તેઓ ભવ્યજીવોને, ગુણવનના ભાંગનાર મદગજને દમન કરવામાં અમોઘ શસ્ત્રરૂપ જ્ઞાન અંકુશનું દાન કરનારા છે. તે તારકોના એ દાનથી અનેક ભવ્યાત્માઓ વિનયાદિ ગુણના નાશક માનરૂપ હસ્તિને વશ કરી સમ્યગ્જ્ઞાન મેળવી મુક્તિ-રમણીના ભોક્તા થઇ શકે છે.

અંધ લોચનોને ઉઘાડનારા :

ચોથે પદે વિરાજતા એ શ્રી ઉપાધ્યાય ભગવન્તો, જ્ઞાનદાન સિવાયનાં દાનોને દિનપર્યંત, માસપર્યંત કે વધુમાં વધુ જીવનપર્યંત પહોંચનારાં માનીને, તેનાથી પર રહી, એક મુક્તિપર્યંત પહોંચનાર જ્ઞાનદાનને જ દેવામાં સદા ઉજમાળ રહે છે. એ દાનદ્વારા એ પરમર્ષિઓ લોકોના અજ્ઞાનથી અંધ બનેલાં લોચનોને, પ્રશસ્ત શાસ્ત્રરૂપ શસ્ત્રના મુખદ્વારાએ ઉઘાડી નાંખે છે. એ મહાપુરૂષોના પ્રતાપે જ્ઞાનલોચનને પામેલા આત્માઓ જે આનન્દ ભોગવે છે, તે તો તે ભોગવનારાઓ જ જાણે.

પાપરૂપ તાપને શમાવનારા :

આ મહાપુરૂષો શ્રુતજ્ઞાનનો ઉપયોગ ઘણી જ સુંદર રીતિએ કરી શકે છે. શ્રુતજ્ઞાનના દાનની કળા, એ મહા-પુરૂષોએ એવી કેળવી હોય છે કે–જે કળાના યોગે શ્રુતમાં આવતા બાવન [illegible] બાવના–ચંદન બનાવી, તેને

ઘસીને રસરૂપ બનાવી, તે બાવન અક્ષર રૂપ ચંદન-ચંદનના રસથી લેકોના પાપરૂપી તાપોને એકદમ શમાવી નાખે છે આથી દુનિયાના પાપરૂપ તાપથી તપ્તાત યોગે ઉદ્વેગ પામીને જે પુણ્યાત્માઓ આ પાઠક પરમેષ્ઠિઓના શરણે આવે છે, તેઓ પાપના તાપને ઉપશાન્ત કરી ઉપશમરસના અનુપમ આસ્વાદનો સાચો અનુભવ કરનારા બની જાય છે

<u>શ્રી ભાવાચાર્ય પદને લાયક</u>

આ ગુણના યોગે શ્રી વીતરાગદેવના શાસનમાં એ પરમતારકો યુવરાજ સમાન હોઈ, ભાવાચાર્ય પદને લાયક મનાય છે આવી યોગ્યતાને ધરનારા તે શ્રી ઉપાધ્યાય ભગવાનો, શાસનના શ્રુતને અવિચ્છિન્ન પ્રવાહી બનાવી રાખવા માટે, પોતાના માલીકપદે વિરાજતા ભાવાચાર્યની નિશ્રાએ વિહરતા, ગણની ચિંતામાં સાવધાન બની યોગ્ય શિષ્યવર્ગને સિદ્ધાંતની વાચનાનું દાન દેવા માટે સદાય સજ્જ રહે છે આ રીતિએ અનેક પ્રકારે સ્વપરના હિતની સાધનામાં ઉદ્યુક્ત એવા શ્રી ઉપાધ્યાયભગવાનો કલ્યાણકામી આત્માઓ માટે સદાય આરાધ્ય હોય, એ વાત સુનિશ્ચિત છે

<u>'ઉવજ્ઝાય' નામને સાર્થક કરનારા.</u>

કલ્યાણકામી આત્માઓને અવશ્ય પૂજનીય એવા શ્રી ઉપાધ્યાયભગવાનોને, શ્રી નવકાર મંત્રમાં 'નમો ઉવજ્ઝાયાણં' એ પદથી નમસ્કાર કરવામાં આવ્યો છે એ

કેટલીક ઉત્તમતાઓ :

આ રીતિએ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રરૂપ એક રત્નત્રયદ્વારા કેવળ મોક્ષમાર્ગની જ આરાધનામાં રક્ત રહેતા સાધુભગવન્તો, આર્ત્ત અને રૌદ્રરૂપ દુર્ધ્યાનોનો પરિત્યાગ કરીને તથા ધર્મ અને શુક્લરૂપ શુભ અને શુદ્ધ ધ્યાનોનો સ્વીકાર કરીને ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષાના અભ્યાસમાં જ ઉદ્યુક્ત રહે છે આ ઉભય શિક્ષાઓમાં નિષ્ણાત બનીને રત્નત્રયીના યથાસ્થિત પાલન માટે સાધુભગવન્તો સદાય મનોગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિથી ગુપ્ત રહે છે. માયાશલ્ય, નિદાનશલ્ય અને મિથ્યાદર્શનશલ્યથી રહિત રહે છે : તેમજ રસગારવ, ઋદ્ધિગારવ અને શાતાગારવ એ ત્રણેય ગારવોથી વિમુક્ત રહે છે. રાજકથા, સ્ત્રીકથા, ભક્તકથા કે દેશકથા એ તેઓને મન સદાય પાપકથા લાગે છે અને પૌદ્ગલિક હેતુ માટે થતો ક્રોધ, માન, માયા કે લોભ, એ રૂપ ચાર કષાયો–તેનાથી તેઓ સદાય દૂર રહે છે.

ધર્મનો જ ઉપદેશ :

જે કોઈ યોગ્ય આત્મા અર્થી બનીને આવે, તેને તે પુણ્યાત્માઓ દાન, શીલ, તપ અને ભાવ એ રૂપ ધર્મના ચારેય પ્રકારોનો અધિકાર મુજબ ઉપદેશ આપે છે. આ ચારેય પ્રકારના ધર્મની સંપૂર્ણ આરાધના તો સાધુઓ જ કરી શકે છે. એ હેતુથી એ પુણ્યાત્માઓ આવેલા ભવ્યપ્રાણિઓને સૌમ્ય રીતિએ કેવળ અનુગ્રહ

બુદ્ધિથી સમજાવે છે કે-"જો આ ચારે પ્રકારના ધર્મનું યથાસ્થિત પાલન કરવું હોય તો અનન્તજ્ઞાનિઓએ ફરમાવેલું આ સાધુપણું એ જ એક પરમ સાધન છે. એનો સ્વીકાર કરવાની અશક્તિ હોય તો આ ચારને જ જીવનમાં આરાધવા યોગ્ય સમજી, યથાશક્તિ એની આરાધનામાં ઉજમાળ બનવું, એ જ હિતાવહ છે.

પ્રાણિમાત્રના હિતૈષી :

આજ રીતિનો ઉપદેશ આપતા એ પરમતારક સાધુભગવન્તો નિદ્રાદિ પાંચે પ્રમાદોનો પરિત્યાગ કરીને અને પાંચે ઇંદ્રિયોને કાબુમાં લઈને, પ્રાણિમાત્રના હિતૈષી બનેલા હોવાથી, ઈર્યાસમિતિ આદિ પાંચે સમિતિઓના પાલનમાં ખૂબજ ઉદ્યુક્ત હોય છે. છએ જીવકાયના રક્ષણમાં નિપુણ બનેલા એ પરમર્ષિઓ હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક અને દુગંછા,-આ છએ નોકષાયોથી દૂર રહી, પ્રાણાતિપાતવિરમણાદિ છએ વ્રતોનું પાલન પોતાના જીવની માફક કરવામાં સદા સજ્જ રહે છે.

કર્મભૂમિઓને મોક્ષભૂમિઓ બનાવનારા :

આત્મરમણમાં જ આનન્દ અનુભવતા એ પરમર્ષિઓ, સાતે ભયોથી નિર્ભય બની, આઠે મદોથી પર રહી, બ્રહ્મચર્યની નવે ગુપ્તિઓનું પાલન અપ્રમત્તપણે કરે છે : તેમજ આ દશાને જાળવી રાખવા માટે ક્ષમા આદિ દશે પ્રકારના યતિધર્મને, બાર પ્રકારની સાધુપડિમાઓને અને અનશનાદિ બારે પ્રકારના તપને પણ આચરવા માટે

અત્યંત ઉજમાળ રહે છે. આ રીતિના અનુપમ જીવનને જીવતા સાધુભગવન્તો સત્તર પ્રકારના સંયમનો આદર કરીને અને અઢાર હજાર શીલનાં અંગોને ધારણ કરીને પંદરે કર્મભૂમિઓમાં વિહરે છે. એજ કારણે પંદર કર્મભૂમિઓ મોક્ષભૂમિઓ કહેવાય છે કર્મભૂમિઓને પણ મોક્ષભૂમિ-રૂપ બનાવતા આ મહાપુરૂષોની ઉપાસના તેઓને જ ન ગમે, કે જેઓની સંસારની મુસાફરી લાંબી હોય.

પંચપરમેષ્ઠિઓની પૂજ્યતાના હેતુઓ :

પાંચ પરમેષ્ઠિઓમાં જેમ માર્ગદર્શક ગુણના યોગે શ્રી અરિહંતદેવોને પૂજ્ય માન્યા છે, અવિનાશી ગુણના યોગે શ્રી સિદ્ધભગવાનોને પૂજ્ય માન્યા છે, આચારના યોગે શ્રી આચાર્યભગવાનોને પૂજ્ય માન્યા છે અને વિનયગુણના યોગે શ્રી ઉપાધ્યાયભગવાનોને પૂજ્ય માન્યા છે, તેમ પૂજ્ય સાધુભગવંતોને સંયમમાર્ગમાં અસહાય-રૂપ બનેલા જગતને સયમની સાધનામાં સહાયક બનવાના યોગે પૂજ્ય માન્યા છે.

પંચમ પદે પૂજ્ય :

વિષયસુખથી નિવૃત્તિને પામેલા, પ્રાણાતિપાતાદિ વિરમણના પરિણામરૂપ સુવિશુદ્ધ ચારિત્રને ધરનારા, વિવિધ પ્રકારના અભિગ્રહાદિકનું અને સમિતિ–ગુપ્તિ આદિ ઉત્તર ગુણોરૂપ નિયમોનુ અખંડિત પાલન કરનારા તથા મોક્ષસાધક પ્રતિલેખનાદિક અનુષ્ઠાનોમાં નિરંતર ઉદ્યમી રહેનારા શ્રી સાધુભગવન્તો, શ્રી વીતરાગદેવના

શાસનમાં પંચમ પદે પૂજ્ય ગણાય છે. એથી શ્રી વીતરાગના શાસનને પામેલા આત્માઓને, શ્રી અરિહન્તાદિક પરમેષ્ઠિઓની જેમ શ્રી સાધુભગવન્તો પણ સેવ્ય લાગે જ, તે સ્વાભાવિક છે

સ્વપર હિતમાં સજ્જ

શ્રી વીતરાગદેવના શાસનમાં સુસાધુઓ તેજ ગણાય છે, કે જેઓ સર્વ ભૂતોમાં સમભાવને ધરનારા હોવા સાથે, અનન્ત ઉપકારી શ્રી અરિહંતદેવોએ ફરમાવેલા નિર્વાણસાધક યોગોને ત્રિવિધે ત્રિવિધે મર્યાદાપૂર્વક જીવનમાં જીવનારા હોય છે આ રીતિએ શ્રી અરિહતદેવોની આજ્ઞાને સમર્પિત થઇ ગયેલા તે મહાપુરૂષો, એકાન્તે સ્વ અને પરના હિતની જ સાધનામાં સદાય સજ્જ રહે છે સુજ્ઞ આત્માઓ માટે આવા પુણ્યાત્માઓ સદાય સેવ્ય હોય, એમાં આશ્ચર્ય જેવુ કશુ જ નથી.

નમસ્કારનું ફલ :

જેમ શ્રી અરિહનાદિકને કરેલ નમસ્કાર આદિ, આત્માની અનન્ત સંસારપરમ્પરાનો ઉચ્છેદ કરનાર હોઈ, બોધિબીજની પ્રાપ્તિનું પરમ કારણ છે, આર્ત-રૌદ્રાદિ અપધ્યાનોનો નાશ કરનાર છે અને આપત્તિ તથા મરણ સમયે પરમ સમાધિ અર્પનાર છે, તેમજ શ્રી સાધુભગવન્તોની ઉપાસના વિગેરે પણ આત્માની અનન્ત સંસારપરમ્પરાનો ઉચ્છેદ કરનાર હોઈ બોધિબીજની પ્રાપ્તિનું પરમ કારણ છે, આર્ત-રૌદ્રાદિ

અપધ્યાનોનો નાશ કરનાર છે અને આપત્તિ તથા મરણ સમયે પરમ સમાધિ અર્પનાર છે. આજ હેતુથી અનન્ત ઉપકારિઓ, શ્રી અરિહંતાદિકના નમસ્કારને સર્વ પાપના વિનાશ કરનાર તથા ભાવમંગલના પરમ કારણ તરીકે વર્ણવે છે, તેવી જ રીતિએ શ્રી સાધુ ભગવન્તોના નમસ્કારને પણ સર્વ પાપના વિનાશ કરનાર તથા ભાવમંગલના પરમ કારણ તરીકે વર્ણવે છે

શાન્ત, ગંભીર અને પાપથી પર-

જેમ શ્રી આચાર્યભગવન્તો અને શ્રી ઉપાધ્યાયભગવન્તો ક્ષમાયુક્ત હોવાથી શાન્ત હોય છે અને અગાધ હોવાથી અત્યન્ત ગમ્ભીર હોય છે, એ જ રીતિએ શ્રી સાધુભગવન્તોની ચિત્તવૃત્તિ પણ ક્ષમાયુક્ત હોવાથી અત્યન્ત શાન્ત અને અગાધ હોવાથી અત્યન્ત ગમ્ભીર હોય છે. જેમ શ્રી આચાર્યભગવન્તો અને શ્રી ઉપાધ્યાયભગવન્તો પાપવ્યાપારથી ત્રિવિધે ત્રિવિધે સદાને માટે વિરામ પામેલા હોય છે, તેમ શ્રી સાધુભગવન્તો પણ સઘળાયે પાપવ્યાપારોથી સદાને માટે ત્રિવિધે ત્રિવિધે વિરામ પામેલા હોય છે

ઐકાન્તિક અને આત્યન્તિક ઉપકારમાં તત્પર:

જે રીતિએ શ્રી આચાર્યભગવન્તો અને શ્રી ઉપાધ્યાયભગવન્તો જ્ઞાનાદિક પાંચે પ્રકારના આચારોને જાણનારા, ઉપદેશનારા તથા યથાસ્થિતપણે આજ્ઞા મુજબ પાળનારા હોઈ સ્વપરનો ઐકાન્તિક અને આત્યન્તિક ઉપકાર

કરવામાં સદા તત્પર હોય છે, તેજ રીતિએ શ્રી સાધુભગવન્તો પણ જ્ઞાનાદિક પાંચે પ્રકારના આચારોને જાણનારા, ઉપદેશનારા તથા યથાસ્થિતપણે આજ્ઞા મુજબ પાળનારા હોઈ, સ્વપરનો એકાન્તિક અને આત્યન્તિક ઉપકાર કરવામાં સદા તત્પર હોય છે જે શ્રી સાધુ ભગવન્તો ક્ષયોપશમના અભાવે આચારોના જ્ઞાનને યથાસ્થિતપણે નથી મેળવી શકતા, તેઓ આચાર્યાદિકની નિશ્રામાં સમર્પાઈ જઈ, તે તારકોની આજ્ઞા મુજબનું જ જીવન જીવવામાં રક્ત બની જાય છે: અને એ રીતિએ પણ સ્વપરના હિતનું કાર્ય ઘણી જ સુંદર રીતિએ સાધી શકે છે

<u>નિર્લેપ અને ધ્યાનનિષ્ઠ:</u>

શ્રી આચાર્યભગવન્તો અને શ્રી ઉપાધ્યાયભગવન્તોની માફક શ્રી સાધુભગવન્તો પણ કમલપત્રની માફક સદા કામરૂપ પંક અને ભોગરૂપ જલથી ન્યારા રહે છે શ્રી આચાર્યભગવન્તો અને શ્રી ઉપાધ્યાયભગવન્તો જેમ ધ્યાન અને સ્વાધ્યાયમાં દત્તચિત્ત રહે છે, એ જ રીતિએ શ્રી સાધુભગવન્તો પણ આજ્ઞા મુજબની સઘળી પ્રવૃત્તિઓમાં રક્ત હોવાના કારણે ધ્યાનનિષ્ઠ બની સ્વાધ્યાયમાં દત્તચિત્ત રહે છે

<u>વિશુદ્ધ મનોવૃત્તિવાળા:</u>

શ્રી આચાર્યભગવન્તો અને ઉપાધ્યાયભગવન્તોની માફક શ્રી સાધુભગવન્તો પણ વિહિત અનુષ્ઠાનોનું

સમ્યગ્દર્શનનો પ્રભાવ :

સમ્યગ્દર્શન વિના શ્રી સિદ્ધિપદની પ્રાપ્તિ શક્ય નથી શ્રી અરિહન્તદેવના વચન ઉપર અવિહડ પ્રેમને જાગૃત કરનાર પણ સમ્યગ્દર્શન છે સસારમાં પણ સમ્યગ્દર્શન શ્રી સિદ્ધિપદના સુખની ઝાંખી કરાવે છે. એ ઝાંખીના યોગે સમ્યગ્દૃષ્ટિ આત્માને ઋદ્ધિસિદ્ધિથી ભરપૂર દેવલોક પણ તુચ્છ ભાસે છે. સમ્યગ્દર્શનના યોગે સમ્યગ્દૃષ્ટિ આત્માને શ્રી જિનેશ્વરદેવની પ્રત્યેક આજ્ઞા પ્રત્યે કાયમી બહુમાન હોય છે. શ્રી સમ્યગ્દૃષ્ટિ આત્માનો શ્રી જિનવાણીના શ્રવણનો ગુણ સમ્યગ્દર્શનના યોગે અજોડ બની જાય છે એના જીવનની કોઈ પણ પ્રવૃત્તિ, સામાન્ય રીતિએ, અનાયાસે પણ, આજ્ઞાથી વિપરીત-પણે થઈ જતી નથી શ્રી જિનેશ્વરદેવોએ ઉપદેશેલા વિરતિધર્મ પ્રત્યે તેનો રાગ એટલો બલવત્તર બની જાય છે કે-એ રાગના યોગે વિરતિ વિનાનું પોતાનું જીવન એ આત્મા માટે રસહીન બની જાય છે.

સાચી આસ્તિકતા સ્વભાવરૂપ :

સમ્યગ્દૃષ્ટિ આત્મા સમ્યગ્દર્શનના યોગે સુદેવ અને સુગુરૂની વૈયાવચ્ચમાં એવો અપ્રમત્ત બની શકે છે, કે જેની અપ્રમત્તદશા દુનિયામાં ગમે તેવા વિદ્યાસાધકની અપ્રમત્તતાને ટક્કર મારે તેવી હોય છે સાચી આસ્તિકતા શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાનો રંગ અવિહડ રાખવામાં છે. એવી આસ્તિકતા-સમ્યગ્દૃષ્ટિ આત્મામાં સ્વભાવરૂપ બની

મર્યાદિત થાય છે અને પ્રમાદના યોગે નિગોદમા ગયેલો પણ તે આત્મા અડધા પુદ્‌ગલપરાવર્તમા તો યોગ્ય સામગ્રી પામી, મુક્તિ મેળવ્યા વિના રહેતો નથી. શ્રી જિનેશ્વરદેવના શાસનમા સમ્યગ્દર્શન વિનાનું જ્ઞાન પણ અજ્ઞાન કોટિમા લેખાય છે અને સમ્યગ્દર્શન વિનાનું ચારિત્ર પણ કાયકષ્ટ તરીકે લેખાય છે

અર્ધપુદ્‌ગલપરાવર્તથી વધારે-
સસારવાળા સમ્યગ્દર્શનને પામી શકતા નથી

અનન્ત ઉપકારિઓએ સમ્યગ્દર્શનનું સ્વરૂપ અનેક રીતિએ વર્ણવ્યું છે શુદ્ધ દેવ, શુદ્ધ ગુરૂ અને શુદ્ધ ધર્મ-રૂપ તત્ત્વસંપત્તિની શ્રદ્ધાને પણ સમ્યગ્દર્શન કહેવાય છે જ્યા સુધી સાતે કર્મની સ્થિતિ કાઈક ઓછી એક કોટાકોટિ સાગરોપમ જેટલી ન થાય, ત્યા સુધી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈ શકતી નથી જે આત્માઓનો સસાર અડધા પુદ્‌ગલપરાવર્તથી વધારે હોય, તે આત્માઓ ભવ્ય હોય છતાય, સમ્યગ્દર્શનને પામી શકતા નથી

રાગદ્વેષના ગાઢ પરિણામ
જાય તો જ સમ્યગ્દર્શન પ્રગટે

અડધા પુદ્‌ગલપરાવર્તથી ઓછો પણ સસાર જેઓનો હોય, તેઓને પણ રાગદ્વેષરૂપ ગ્રથીનો છેદ થયા વિના સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈ શકતી નથી રાગદ્વેષના ગાઢ પરિણામને ગ્રથી કહેવાય છે રાગદ્વેષના ગાઢ પરિણામ જ્યા સુધી આત્મામા વર્તમાન હોય, ત્યા સુધી આત્મા

[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે અને [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે

[illegible] અને [illegible]

[illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે [illegible]
[illegible] [illegible] અને [illegible], [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] છે [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] છે અને [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible], [illegible] અને [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] છે, [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] છે અને [illegible] [illegible] [illegible] [illegible] છે'

મૂળ, પ્રયોગશીલ, [illegible] આધાર [illegible]
અને નિયમ તરીકે [illegible] ની વ્યાખ્યા

[illegible] [illegible] [illegible] [illegible]

મૂળ તરીકે, ધર્મપુરના પ્રવેશદ્વાર તરીકે, ધર્મરૂપ પ્રાસાદના પીઠ તરીકે, ધર્મરૂપ જગતના આધાર તરીકે, ઉપશમરસના ભાજન તરીકે અને ગુણરત્નોના નિધાન તરીકે પણ વર્ણવ્યુ છે મૂળની શુદ્ધિ વિના જેમ વૃક્ષ ખીલતું નથી, તેમ સમ્યગ્દર્શન વિના આત્માને ધર્મની વાસ્તવિક પ્રાપ્તિ થઈ શકતી નથી સમ્યગ્દર્શનરૂપ દ્વાર વિના આત્માનો ધર્મપુરમા પ્રવેશ કદિ પણ થઈ શકતો નથી જે આત્માઓએ સુદર ધર્મરૂપ પ્રાસાદને સ્થિર બનાવવો હોય, તેમણે સમ્યગ્દર્શનરૂપ પીઠને મજબૂત બનાવવું જ જોઈએ પૃથ્વી જેમ જગતનો આધાર છે, તેમ ધર્મરૂપ જગતનો આધાર સમ્યગ્દર્શન છે ઉપશમરસનુ ભાજન સમ્યગ્દર્શન સિવાય બીજી કોઈ પણ વસ્તુ બની શકતી નથી અહિંસાદિ મૂલ ગુણો કે પિંડવિશુદ્ધિ આદિઉત્તરગુણો સમ્યગ્દર્શનરૂપી નિધાન-વિના સુરક્ષિત રહી શકતા નથી આથી જ અનન્તજ્ઞાનિઓ સમ્યગ્દર્શન વિનાના જ્ઞાનને અપ્રમાણ તરીકે અને ચારિત્રને નિષ્ફળ તરીકે ભારપૂર્વક જણાવે છે

ચાર સદ્દહણા આદિ ૬૭ ભેદો :

શાસ્ત્રોમા અનેક ભેદો દ્વારાએ સમ્યગ્દર્શનને નિરૂપ્યુ છે ચાર સદ્દહણા, ત્રણ લિંગ, દશ પ્રકારનો વિનય, ત્રણ શુદ્ધિ, પાચ દૂષણ, આઠ પ્રભાવક, પાચ ભૂષણ, પાચ લક્ષણ, છ જયણા, છ આગાર, છ ભાવના અને છ સ્થાન, એમ સડસઠ ભેદે પણ સમ્યગ્દર્શનને ઉપકારિઓએ વર્ણવ્યું છે.

<u>અનભિયોગિક વિનાની વાત</u>

આમ અનેક રીતિએ વર્ણવેલા આ ગુણને પામ્યા વિના શ્રી અરિહંતદેવના આત્માઓ પણ શ્રી અરિહંત પણું સિદ્ધિને પામી શક્યા નથી. આ ગુણની પ્રાપ્તિ વિના મહાવ્યાકરણના વિદ્વાનો આદિ કોઈ પણ રીતિએ કોઈની પણ મુક્તિ થઈ શકે તેમ નથી. ખરી જૈન શ્રી જૈન-દર્શનને પામ્યા વિના કોઈ પણ આત્મા મુક્તિપદને પામે જ નહિ'—એમ કહેવામાં અસત્યાગ્રહને સ્થાન જ કારણ નથી. કારણ કે—શ્રી જૈનદર્શને નિરૂપેલો મુક્તિનો માર્ગ એક જ અને અભેદ હોઈ, તે માર્ગે આવ્યા વિના કોઈ પણ આત્માની મુક્તિ શક્ય જ નથી. આ વાત કોઈ પણ વિચારક આત્માને અભિનિવેશ જેવી લાગે તેમ નથી અને અભિનિવેશવાળાને રૂચે તેમ પણ નથી.

* * *

શ્રી સમ્યગ્જ્ઞાન પદ

<u>સમ્યગ્જ્ઞાન અને કારમા</u>
<u>અજ્ઞાન વચ્ચેનો ભેદ સમજવાની જરૂર</u>

શ્રી દર્શનપદ પછી શ્રી જ્ઞાનપદ સાતમે પદે આવે છે. શ્રી જ્ઞાનપદમાં તેજ જ્ઞાન આવે, કે જે સમ્યક્ હોય. સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શનની નિર્મળતાને અને શ્રી ચારિત્ર-

પદને તથા શ્રી સિદ્ધિપદને પામવાનું પરમ સાધન છે. જે લોકો અજ્ઞાનતા આદિના યોગે પૌદ્ગલિક પદાર્થોની સાધનામાં જ ઉપયોગી થતા જ્ઞાનને સમ્યગ્જ્ઞાન તરીકે ઓળખાવવાનો આડંબર કરે છે, તેઓ સમ્યગ્જ્ઞાનના સ્વરૂપથી અનભિજ્ઞ હોઇ, સમ્યગ્દર્શનથી પણ વંચિત રહેલા છે, એમ માનવા સિવાય બીજો ઉપાય જ નથી : કારણ કે– જે જ્ઞાન હેય અને ઉપાદેયનો, આશ્રવ અને સંવરનો, પુણ્ય અને પાપનો ભેદ ન સમજાવે, આશ્રવ અને પાપથી ભય ન ઉપજાવે અને સંવર તથા નિર્જરા પ્રત્યે અનુરાગી બનાવી મોક્ષની સાધના માટે ઉત્સાહિત ન કરે, તે વાસ્તવિક રીતિએ જ્ઞાન નથી, પણ કોરૂં અક્ષરજ્ઞાન હોઈ, મિથ્યાભાવને પુષ્ટ કરનારૂં હોવાથી, ભયંકર સંસાર અટવીમાં અથડાવનારૂં કારમું અજ્ઞાન છે

શ્રી ઇન્દ્રભૂતિજી અજ્ઞાન કેમ ?

શ્રી સર્વજ્ઞદેવોએ કહેલા અને શ્રી ગણધરદેવોએ ગુંથેલા આગમે કહેલાં તત્ત્વોનુ જે જ્ઞાન, તેજ સમ્યગ્જ્ઞાન છે : પણ તે તત્ત્વો પ્રત્યે મુંઝવનારૂં અને સંદેહ દશામાં મૂકી દેનારૂં જે જ્ઞાન હોય, તે જ્ઞાન તો ભયંકર મિથ્યાજ્ઞાન હોઇને, કલ્યાણના કામી આત્માએ અવશ્ય તજવા જેવું છે જે જ્ઞાનના પ્રતાપે સંસારથી વિરક્ત મહાત્માઓ પ્રત્યે, સંસારની અસારતાનું ભાન કરાવનારા મહાજ્ઞાનિઓ પ્રત્યે, સંસારથી નિર્વેદ ઉપજાવી સંવેગ રસમાં ઝીલાવનારા સુસાધુઓ પ્રત્યે તેમજ પરમજ્ઞાનના સાધન- ... જેને સત્યાસત્યનું સંપૂર્ણ ભાન

કરાવનારાં શાસ્ત્રો તથા તેનાં રચયિતા પ્રત્યે અરુચિ ઉત્પન્ન થાય, તે જ્ઞાન કોઈ પણ રીતિએ સમ્યગ્જ્ઞાનની કોટિમાં આવી શકતું જ નથી. માત્ર ત્રિપદી ઉપરથી એક અન્તર્મુહૂર્તમાં દ્વાદશાંગી રચનારા શ્રી ઇન્દ્રભૂતિ જેવા સમર્થને પણ પ્રભુની નિશ્રામાં ન આવ્યા ત્યાં સુધી અજ્ઞાન તરીકે ઓળખાવાતું આ જ કારણે છે.

પાંચ પ્રકારનું સમ્યગ્જ્ઞાન :

અનન્ત ઉપકારિઓ ફરમાવે છે કે-સર્વજ્ઞ ભગવાને પ્રરૂપિત કરેલાં આગમોમાં કહેલાં તત્ત્વોનું શુદ્ધ અને યથાસ્થિત જ્ઞાન તેજ સમ્યગ્જ્ઞાન છે એ સમ્યગ્જ્ઞાનના બળે જ જડનું અને અજડનું, પેયનું અને અપેયનું, ગમ્યનું અને અગમ્યનું તેમજ કૃત્યનું અને અકૃત્યનું વાસ્તવિક ભાન થઈ શકે છે. સકલ ક્રિયાના મૂલ તરીકે વર્ણવાતી શ્રદ્ધાને પણ નિર્મલ બનાવવામાં સહાયક કોઈ હોય, તો તે સમ્યગ્જ્ઞાન જ છે. શ્રી જિનેશ્વરદેવોના પ્રવચનમાં સમ્યગ્જ્ઞાનની-મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન-આ પાંચ ભેદે પ્રસિદ્ધિ છે.

મતિપૂર્વકનું શ્રુત અનેરો ઉપકારક !

આ પાંચ જ્ઞાનમાં મતિપૂર્વકનું શ્રુતજ્ઞાન ખૂબ જ ઉપકારક છે. કેવળજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની અને અવધિજ્ઞાનીનાં પણ વચનો, લોકોની ઉપર મતિ-શ્રુતરૂપે ઉપકારક નિવડે છે. મતિ જેમ શ્રુતને સ્ફુટ બનાવનાર છે, તેમ શ્રુત મતિને સુસંસ્કારિત બનાવનાર છે. મતિને પણ

સુસંસ્કૃત બનાવનાર જે શ્રુતજ્ઞાન, તે જગતના ઉપર અજોડ ઉપકાર કરનાર છે

ઉપાસનાથી નિસ્તાર :

એ શ્રુતજ્ઞાન શ્રી આચારાગાદિ બાર અગરૂપ છે મહાપુરૂષોએ એ શ્રુતને ઉપાંગાદિરૂપે ખૂબખૂબ ખીલવ્યું છે. અનેક રીતિએ ફૂલેલું અને ફાલેલું એ જ્ઞાન અતિશય લોકોપકારક હોવાથી, ભવ્યજીવો આજ્ઞા મુજબની વિધિથી તેને ભણે છે, ભણાવે છે, સાભળે છે, સંભળાવે છે, પૂજે છે, પૂજાવે છે, લખે છે અને લખાવે છે આ રીતિએ સમ્યગ્જ્ઞાનની ઉપાસના કરનારા પુણ્યશાલિઓ સસારસાગરથી જલ્દિ નિસ્તારને પામી શકે છે

અનાદરબુદ્ધિ બહુલસંસારિતાનું લક્ષણ :

જે જ્ઞાનના પ્રતાપે ત્રણે લોકના પદાર્થોનો ખ્યાલ હાથમાં ગ્રહેલા નિર્મળ પાણીનો જેટલો સ્પષ્ટ ખ્યાલ આવે તેટલો આવે છે, એ જ્ઞાનની ઉપાસનામાં અનાદરબુદ્ધિ એ બહુલસંસારિતાનું જ લક્ષણ છે જે જ્ઞાન ગમે તેવા આત્માને પણ લોકમાં પૂછવાયોગ્ય, પૂજનિક અને પ્રશંસનીય બનાવી સસારથી નિસ્તાર પમાડે, એ જ્ઞાન કોઈ પણ વિવેકી આત્મા માટે આરાધનીય જ હોય, એમાં શંકાને અવકાશ જ નથી

શ્રી સમ્યક્ચારિત્ર પદ

ૐ

ચારિત્ર પ્રત્યે જ્ઞાનની અનન્યકારણતા :

શ્રી ચારિત્રપદ, એ શ્રી જિનેશ્વરદેવના શાસનમાં આઠમા પદ તરીકે સુપ્રસિદ્ધ છે. શ્રી સમ્યગ્દર્શને ઉત્કટ થતી ચારિત્રની રુચિને સમ્યગ્જ્ઞાન સતેજ બનાવે છે. ઉપકારીઓએ પણ વિરતિને જ્ઞાનના ફળ તરીકે વર્ણવી, સમ્યક્ચારિત્ર પ્રત્યે સમ્યગ્જ્ઞાનની અનન્ય-કારણતા સ્પષ્ટપણે ધ્વનિત કરી છે. સમ્યગ્જ્ઞાનના યોગે આત્મા સંસારથી વધુ અને વધુ રસહીન બનતો જાય છે. સમ્યગ્દર્શનની સાથે રહેનારું જ્ઞાન, સંસારના રસને અંતરમાં પ્રવેશ કરવા દેતું નથી. સમ્યગ્જ્ઞાનના પ્રતાપે, ચારિત્રને માટે લોભી રહેતો સમ્યગ્દૃષ્ટિ, તેના સ્વીકાર અને પાલનને માટે વધુ આતુર બને છે

દ્રવ્યચારિત્ર પણ અમોઘ રાજમાર્ગ :

જે આત્મા ચારિત્રને પામે છે, તેનામાં અજબ કોટિની શૂરતા પ્રગટે છે અને તે આત્મામાં જ સમાતી હોવાથી, આત્મરૂપ વિનાના આત્માઓની દૃષ્ટિએ ચડી શકતી નથી. ચારિત્રને પામનાર આત્માની મહત્તા શ્રી જૈનશાસનમાં અનેક ગણાય છે. 'ચારિત્ર વિના મુક્તિ નથી'—એ શ્રી જૈનશાસનનો નિયમ અબાધિત છે. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનની માફક, વિપરીત બોધ

વિનાનું દ્રવ્ય ચારિત્ર પણ ભાવચારિત્રનું પ્રબળ સાધન છે. એજ હેતુથી ગૃહી લિંગે કે અન્ય લિંગે રહેલા આત્માઓ પણ રત્નત્રયીની સુવિશુદ્ધ પ્રાપ્તિથી કેવળજ્ઞાન પામી ચૂકયા પછી પણ, જો આયુષ્ય બાકી હોય તો દ્રવ્યચારિત્રનો સ્વીકાર કર્યા વિના રહેતા જ નથી આથી સ્પષ્ટ છે કે-મુક્તિપ્રાપ્તિ માટેનો દ્રવ્યચારિત્ર પણ અજોડ રાજમાર્ગ છે મુક્તિમાર્ગના આવા એક અનુપમ રાજમાર્ગની સામે એક પણ અનિષ્ટ અક્ષર ઉચ્ચારવો, એ શ્રી જિનશાસનના અનુયાયી માટે ભયકર નામોશીજનક છે જે આત્માને ચારિત્ર પ્રત્યે અને ચારિત્રવાન પ્રત્યે રાગ નથી, તે આત્મા દુનિયામાં ગમે તેવો સારો ગણાતો હોય તો પણ, શ્રી જિનેશ્વરદેવોના શાસનમાં તેની એક કાણી કોડી જેટલી પણ કિંમત નથી

સર્વવિરતિ અને દેશવિરતિ :

આ ચારિત્રને શ્રી જિનેશ્વરદેવના શાસનમાં પ્રધાનપણે બે વિભાગમાં વહેંચવામા આવ્યું છે એ બે વિભાગો સર્વવિરતિ અને દેશવિરતિના નામે સુપ્રસિદ્ધ છે એમાંનુ સર્વવિરતિ નામનું ચારિત્ર યતિઓને હોય છે, જ્યારે દેશવિરતિ નામનુ ચારિત્ર ગૃહસ્થોને હોય છે સમર્થ આત્માઓ માટે, જો તેઓ મુક્તિપદને માટે તલસતા હોય તો, પ્રથમ વિધાન શ્રી સર્વવિરતિ ચારિત્રનું જ છે. મુક્તિપદની તીવ્ર ઝખના હોવા છતાં પણ જેઓ સર્વવિરતિ ચારિત્રને સ્વીકા[illegible] સામર્થ્ય ન ધરાવતા હોય, તેઓ માટે જ દેશ[illegible]નું વિધાન છે.

પ્રથમ સર્વવિરતિ ધર્મનો ઉપદેશ

સર્વ પ્રથમ ધર્મશ્રવણ માટે આવતા આત્માને, સર્વ વિરતિ ધર્મનો ઉપદેશ આપ્યા સિવાય દેશવિરતિ ધર્મનો ઉપદેશ આપનાર ધર્મદેશકને પણ, શ્રી વીતરાગના શાસને પ્રાયશ્ચિત્તના ભાગી જણાવ્યા છે શ્રી વીતરાગ દેવના શાસનનો ધર્મદેશક સર્વવિરતિ ધર્મનો પાલક હોઈ, હરકોઈ તેના જ અર્થી અને પાલક બનો, એવી ભાવનાથી ઓતપ્રોત હોય છે કારણ કે-એની ખાત્રી છે કે-એના જેવો સીધો, સરળ અને ઉપાધિ વિનાનો મુક્તિનગરે પહોંચવાનો રાજમાર્ગ બીજો એક પણ નથી આથી શ્રી વીતરાગશાસનનો ધર્મદેશક પોતા પાસે આવેલ ધર્મના નૂતન અર્થીને સૌથી પ્રથમ સર્વવિરતિ ધર્મની જ લ્હાણ કરે છે

દેશવિરતિમાય સર્વવિરતિની લાલસા

સામાને આ લ્હાણનો સ્વીકાર કરવા માટે જ્યારે શ્રી વીતરાગશાસનનો ધર્મદેશક અસમર્થ જૂએ છે, ત્યારે સદાય સર્વ માટે તેના અંતરમા વહી રહેતી ભાવ દયા તેને દેશવિરતિ આદિ ધર્મની લ્હાણ કરવા પ્રેરે છે દેશવિરતિ ધર્મને ધર્માધર્મ તરીકે ઓળખાવનાર શ્રી જિનશાસનના મર્મને જાણનાર ધર્મદેશક, પોતાની ધર્મદેશનામા 'સર્વવિરતિ એજ વાસ્તવિક ધર્મ છે'-એવું ધ્વનિત કર્યા વિના રહી શકતો જ નથી શ્રી વીતરાગદેવનું શાસન તો ફરમાવે છે કે-'શ્રી દેશવિરતિનો પરિણામ પણ સર્વવિરતિની લાલસા વિનાનો હોઈ શકતો નથી.'

ધર્મદેશક નહિ પણ ઉચ્છેદક:

સર્વવિરતિની આટલી મહત્તાને નહિ સમજનારો જો ધર્મદેશક બને, તો તે લોકહેરીમા પડી, ધર્મદેશનાના નામે અધર્મનો દેશક બની, અવિરતિ આદિ અનેક પાપોની અનુમોદના આદિ પાપોથી લેપાયા વિના રહી શકતો નથી 'લોકને ગમે તેવું બોલવામા ધર્મ છે'– એવું માનનારો શ્રી વીતરાગના શાસનનો ધર્મદેશક નથી, પણ કટ્ટર ઉન્માર્ગદેશક છે એવા ઉન્માર્ગદેશકોએ જ વર્તમાનકાળમા ચારિત્રધર્મને દુષ્કર બનાવી, ચારિત્રના અર્થિઓને પણ વિકટ પરિસ્થિતિમાં મૂકી દીધા છે. 'ગૃહસ્થપણામાં પણ કેવળજ્ઞાન થઈ શકે છે'–એ વાતને આગળ કરી, શ્રી ભરતાદિકના દ્રષ્ટાંતથી સર્વવિરતિ ધર્મની કિંમત ઘટાડવાને જેઓ પ્રયત્ન કરે છે, તેઓ શ્રી જિન-પ્રણીત માર્ગના ઉપદેશકો નથી પણ ઉચ્છેદકો છે

વિશ્વમાં જયવંતો વર્તતો ચારિત્રધર્મ·

શ્રી વીતરાગદેવનું શાસન તો સ્પષ્ટપણે ફરમાવે છે કે–સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન પણ જીવોને ત્યારે જ સંપૂર્ણપણે ફળે છે કે–જ્યારે તે સમ્યક્ચારિત્રથી સહિત બને છે. ક્રમસર ગુણમાં વૃદ્ધિને પામતું ચારિત્ર પાંચ પ્રકારે છે, કે જે ચારિત્રને ખુદ શ્રી જિનેશ્વરદેવોએ પણ પોતે સ્વીકાર્યું છે, આરાધ્યું છે, સારી રીતિએ પ્રરૂપ્યું છે અને પ્રાણિઓને દીધું છે, તે તારકોના ઉપદેશથી એ સર્વવિરતિરૂપ ચા[illegible]ને સમજી શકેલા પટ્-

ખંડના વિજેતા અને ભોક્તા એવા ચક્રવર્તિઓએ પણ ષટ્ખંડની અખંડ રાજ્યલક્ષ્મીને એક ક્ષણવારમાં એક તૃણની માફક તજીને જીવનમાં ચારિત્રધર્મનો સ્વીકાર કર્યો છે. જે ચારિત્રધર્મના સ્વીકારથી રંક જીવો પણ ત્રણે ભુવનમાં સર્વને માટે પૂજનિક બની શકે છે, તે ચારિત્રધર્મ વિશ્વમાં સદાને માટે જયવંતો વર્તે છે: વિશ્વમાં સદાને માટે જયવંત તરીકે વર્તવાને સર્જાયેલા આવા ચારિત્રધર્મ પ્રત્યે અણગમો, એ વસ્તુતઃ તો પોતાના આત્મહિતનો જ અણગમો છે.

ચારિત્રધર્મને સંપૂર્ણ સિદ્ધિ કરનારા:

ચારિત્રધર્મ આટલો મહિમાવંતો છે, એ કારણે એજ ધર્મનું પાલન કરતા મુનીશ્વરોના ચરણકમલોને, દેવેન્દ્રો અને દાનવેન્દ્રો આનન્દપૂર્વક શરણ તરીકે સ્વીકારે છે. એ અનન્તગુણવાળા એવા પણ ચારિત્રધર્મને મહામુનિઓએ શાસ્ત્રોમાં સત્તર પ્રકારે અને દશ પ્રકારે વર્ણવ્યો છે: અને એજ જગતના જીવોને માટે સાચા શરણરૂપ છે. એ ચારિત્રધર્મની સંપૂર્ણ સાધના કરવા માટે ઈર્યાસમિતિ આદિ પાંચ સમિતિઓને, મનોગુપ્તિ આદિ ત્રણ ગુપ્તિઓને, ક્ષમાદિક ગુણોને અને મૈત્રી આદિ ભાવનાઓને આત્મસાત્ કરવાની અતિ આવશ્યક્તા છે. ચારિત્રધર્મને સંપૂર્ણપણે સિદ્ધ કરનાર એ પાંચ સમિતિ આદિ ગુણોને આત્મસાત્ બનાવી જે આત્માઓએ ચારિત્રધર્મને અખંડ રીતિએ આરાધ્યો છે, તે જ આત્માઓએ મુક્તિપદ સાધ્યું

છે, તે જ આત્માઓ મુક્તિપદ સાધે છે અને તે જ આત્માઓ મુક્તિપદ સાધશે.

શ્રી સમ્યક્તપ પદ

વિષય-કષાયને તપાવનાર:

શ્રી નવ પદોમાં સૌથી છેલ્લું એટલે કે–નવમું પદ એ શ્રી સમ્યક્તપ પદ છે. શ્રુતકેવલી ભગવાન શ્રી શય્યંભવસૂરિજી મહારાજાએ, શ્રી દશવૈકાલિક સૂત્રની પ્રથમ ગાથાના બીજા પદમાં 'अहिंसा संजमो तवो'–આ ક્રમે તપને છેલ્લું મૂકી, શ્રી સમ્યક્તપ પદનો સુંદર મહિમા ઘણો જ સ્પષ્ટ કર્યો છે. જેમ સયમ વિના અહિંસાનુ પાલન સંપૂર્ણપણે નથી થઇ શકતું, તેમજ તપ વિના સંયમનું શુદ્ધ પાલન પણ થઈ શકતું નથી. સંયમરૂપ કંચનને સુવિશુદ્ધ બનાવવા માટે સમ્યક્તપ અગ્નિની ઉપમાને પામી શકે છે. શરીરને તપાવનારૂં તપ એ વાસ્તવિક તપ નથી, પણ આત્માના વિષય અને કષાયને તપાવનારૂં તપ, એ જ સાચું તપ છે.

સંયમશુદ્ધિ માટે અતિ આવશ્યક:

જેમ [illegible] સિદ્ધિ નથી તેમ તપ વિના શુદ્ધ ચારિત્રની [illegible] નથી, એ પણ નિશ્ચત જ વસ્ત

છે. અણાહારીપદની સાધના માટે તપ, એ પણ નાનુસુનું સાધન નથી એ તપને જ્ઞાનિઓએ ખૂબ ખૂબ પ્રશંસ્યો છે અને ઇચ્છાવિરોધ એ એનું વાસ્તવિક સ્વરૂપ છે આ ઇચ્છાનિરોધરૂપ તપ સંયમને શુદ્ધ બનાવવા માટે ખૂબ જરૂરી વસ્તુ છે સંયમની શુદ્ધિ અહિંસારૂપ ધર્મના સંપૂર્ણ પાલન માટે ઘણી આવશ્યક છે, તેમ સંયમધર્મના શુદ્ધ પાલન માટે તપની શુદ્ધિ પણ ઘણી જ આવશ્યક છે સંપૂર્ણ સયમ વિના જેમ સંપૂર્ણ અહિંસાનું પાલન અશક્ય છે, તેમ સુવિશુદ્ધ તપ વિના સુવિશુદ્ધ સયમનું પાલન પણ શક્ય નથી

<u>સર્વવિરતિધર્મરૂપ મેરૂ પાસે</u>
<u>ગૃહસ્થધર્મ સરસવની ઉપમાને પામે છે :</u>

શુદ્ધ અને સંપૂર્ણ સંયમનું પાલન ગૃહસ્થપણામાં નથી થઈ શકતું, એજ કારણે ગૃહસ્થધર્મની ઉંચામાં ઉંચી કોટિએ સંવાસાનુમતિ વર્જક રહેલા પરમશુદ્ધ શ્રાવકના ધર્મને પણ, સંયમધર મુનિના મેરૂ જેવા ધર્મની અપેક્ષાએ, માત્ર સરસવની જ ઉપમા ઉપકારિઓએ આપી છે ગૃહસ્થ ગમે તેટલો ધર્મી હોય, છતાં પણ તેને જ્ઞાની-પુરૂષોએ તપાવેલા લોઢાના ગોળાની જ ઉપમા આપી છે : કારણ કે-તે ડગલે ને પગલે ષટ્કાયના જીવોનો વિરાધક બની જાય છે. આથી સ્પષ્ટ જ છે કે-સંપૂર્ણ હિંસાના પાલન માટે શુદ્ધ સંયમ જ સાધનરૂપ છે અને સંયમને શુદ્ધ બનાવવા માટે તપ વિના ચાલી શકે તેવું નથી

બાહ્ય-અભ્યંતર તપ:

એ તપના શ્રી જિનેશ્વરદેવના શાસનમાં બાર ભેદો વર્ણવવામાં આવ્યા છે. એ બાર ભેદોમાં છ ભેદો બાહ્ય તપ તરીકે અને છ ભેદો અભ્યતર તપ તરીકે વર્ણવાય છે. તપના અભ્યતર ભેદોનો વાસ્તવિક પરિચય તેઓને જ હોઈ શકે છે, કે જેઓ શ્રી જિનેશ્વરદેવના શાસનને સમજ્યા છે એજ કારણે બાહ્ય તપનું વર્ણન કરતાં ઉપકારિઓ ફરમાવે છે કે–' આ અનશનાદિને બાહ્ય તપ એ માટે પણ કહેવાય છે કે–તે ઈતરોને પણ પરિચિત છે.'

બાર ભેદાની ક્રમસર પ્રધાનતા:

તપના આ બાર ભેદો ક્રમસર પ્રધાનતા ભોગવે છે અનશન કરતાં ઉનોદરી પ્રધાન છે, ઉનોદરી કરતાં વૃત્તિસંક્ષેપ પ્રધાન છે અને વૃત્તિસંક્ષેપ કરતાં રસ-ત્યાગ પ્રધાન છે : એ રીતિએ જેમ જેમ આગળના ભેદમાં જઈએ, તેમ તેમ તેની પ્રધાનતા જણાય છે : પણ એ પ્રધાનતાનુ ભાન તપના સાચા પ્રેમીને થાય, પણ બીજાને નહિ. તપનો સાચો પ્રેમી તેજ બની શકે છે, કે જેને સારોયે સસાર અરૂચિકર લાગે. તપસ્વી અને સંસારની રૂચિવાળો, તપસ્વી અને વિષયનો પ્રેમી, તપસ્વી અને અપ્રશસ્ત કષાયોનો ધારક, એ પરસ્પર યોગવાળી વસ્તુઓ નથી. સંસાર માટે તપનો ઉપયોગ કરનારા-ઓને જ્ઞાનિઓએ વર્ણવેલી આ ક્રમસરની પ્રધાનતા ન સમજાય, તે છે.

નિકાચિત કર્મો પણ નિર્જરે છે :

આ તપની પ્રધાનતા વર્ણવતાં મહાપુરૂષો ફરમાવે છે કે-" આ અવસર્પિણીના શ્રી ઋષભદેવ આદિ તીર્થંકર મહારાજા, કે જેઓ જાણે છે કે-અમારી આ ભવમાં નિયમા સિદ્ધિ થવાની છે, છતાં પણ તે તારકો તપનુ અનુપમ અને અજોડ સેવન કરે છે " જો તપને ક્ષમાસહિત આચરવામા આવે, તો તે તપદ્વારા નિકાચિત કર્મોની પણ એક ક્ષણવારમા નિર્જરા કરી શકાય છે જેમ અગ્નિદ્વારા સુવર્ણની સાથે એકમેક સમાન બની ગયેલી માટી તત્ક્ષણ અલગ થઈ જાય છે, તેમ તપદ્વારા જીવરૂપ સુવર્ણ થકી કર્મરૂપ કિટ્ટી વિગેરે તેજ ક્ષણમાં નાશ પામી જાય છે

આશસારહિત તપ કલ્પતરૂ

જો તપનું સેવન આશસાથી રહિત બનીને, કેવળ કર્મનિર્જરાના હેતુથી જ આજ્ઞાવિહિતપણે કરવામાં આવે, તો આત્માને મહાસિદ્ધિઓની પ્રાપ્તિ થાય છે આમોસહી આદિ નાના પ્રકારની લબ્ધિઓ પણ તપના પ્રભાવે જ પ્રાપ્ત થાય છે ખરેખર ! તપ એ સાક્ષાત્ કલ્પતરૂ છે અને એ તપરૂપ કલ્પતરૂના ફુલ તરીકે ઈંદ્રનરેન્દ્રાદિની ઋદ્ધિઓ ગણાય છે અને ફલ તરીકે એક મોક્ષ ગણાય છે. તપરૂપ કલ્પતરૂ જેમ આત્માને શિવસુખ પમાડનાર છે, તેમ દુનિયામાં પણ શાંતિ આપનાર છે : પણ શરત એટલી જ કે-તે તપ આશંસા વિનાનો અને [illegible]ને માટે જ થવો જોઈએ.

આશંસાસહિત તપથી નુકશાન:

આશસાપૂર્વકનો તપ તેવુ સુખ નથી આપતો, એટલુ જ નહિ પણ શરીરને તપાવવા સાથે પરિણામે આત્માને પણ પ્રાય: ઉદ્વેગ આપનારો જ થાય છે એવા તપના યોગે મળતી ઋદ્ધિસિદ્ધિ કે દેવગતિ આદિથી મલકાવું, એ પણ અજ્ઞાનનુ જ ફળ છે. એવા તપના યોગે એવી ઋદ્ધિઓ કદાચ મળી પણ જાય, છતાં તે પરિણામે મહાદુ:ખને આપનારી નિવડે છે કોઈ જીવ-વિશેષને ભદ્રિકતાદિના યોગે એવા પણ તપથી થઈ ગયેલા લાભને આગળ કરીને, આશંસાપૂર્વકના તપનું પણ સમર્થન કરનારાઓ, પોતાનુ અહિત કરવા સાથે પારકાનું પણ અહિત કરનારા છે.

અભિનિવેશનું નૃત્ય:

વિષ અને ગરલ ક્રિયાની વિહિત કરાયેલી અનર્થકારિતાને નહિ જાણનારાઓ જ આશસાપૂર્વકના તપનુ સમર્થન કરવામાં શાસનની સેવા સમજે આશસારહિતપણે મોક્ષના હેતુથી આજ્ઞાનુસાર તપ કરવાના આ વિધાન સામે, શાસ્ત્રોમાં આશસાપૂર્વકનું તપ કરવાનુ અપવાદિક વિધાન પણ મળતું નથી: એટલે કોઈ કોઇ જીવોના દ્રષ્ટાંતો ઉપરથી વિધાન સામે પ્રહાર થાય એવી પ્રરૂપણા તો ઉત્સૂત્રભાષણના વિષયને નહિ સમજનારાઓ જ કરી શકે 'દૃષ્ટાંત એ કાયદો નથી પણ વિધાન એ કાયદો છે.'-આવું જાણનારાઓ પણ એવી

ભૂલ કરે, તો કહેવું જ જોઈએ કે-એ તેમના અભિનિવેશનું જ એક નૃત્ય છે.

અમૃતને વિષ ન બનાવો:

આથી સંસારમાં પણ મુક્તિમાર્ગની સાધનાની અનુકુળ સામગ્રીઓ પામીને, શીઘ્ર શ્રી સિદ્ધિપદને સાધવાની ઈચ્છાવાળા આત્માઓએ તો, તપનું આસેવન આશંસાના લેપમા લેપાયા વિના કેવળ નિર્જરાની બુદ્ધિથી જ આચરવું જોઈએ. આશંસા, એ ઉગ્ર પણ તપરૂપી અમૃતને વિષ અને ગરલ બનાવી દેનાર છે. આ લોકની કે પરલોકની પૌદ્ગલિક ઈચ્છાઓને આધીન થઈ, ઉત્તમ એવા પણ અમૃતને વિષ બનાવવાની પ્રવૃત્તિ વિવેકી આત્માઓએ તો કોઈ પણ ભોગે ન જ કરવી ઘટે.

પ્રથમ મંગલક્રિયા:

મોક્ષની સાચી લાલસા ધરાવનારાઓને માટે જ તપનું સાચુ આરાધન કરનારા મોક્ષસુખના ભોક્તા થાય છે, એટલું જ નહિ પણ આ સંસારમાંય તેઓ અનુપમ સુખના ભોક્તા થઈ શકે છે. અત્યત અસાધ્ય એવાં પણ કાર્યોની સાધના તપના યોગે સરળ બની જાય છે. આવા તપને અનન્તજ્ઞાનિઓએ સર્વે મંગલક્રિયાઓમાં પ્રથમ મંગલક્રિયા તરીકે વર્ણવ્યું છે.

ફલવર્ણન અને ઉપસંહાર



શ્રી નવ પદનો મહિમા

આ શ્રી નવ પદોમા સર્વ પારમાર્થિક પદાર્થોનો સમાવેશ થઈ જાય છે આખાયે શ્રી જૈનશાસનનો સાર આ શ્રી નવ પદમા સમાઈ જાય છે અતીતકાળમા જે આત્માઓ સિદ્ધ થયા છે, વર્તમાનકાળમા જે આત્માઓ સિદ્ધ થાય છે અને ભવિષ્યકાળમા જે આત્માઓ સિદ્ધ થશે, તે સર્વે આ શ્રી નવ પદની આરાધનાથી જ થયા છે, થાય છે અને થશે, એ નિશક વાત છે આ શ્રી નવ પદો પ્રત્યે સાચા બહુમાનભાવવાળા બનીને શ્રી નવ પદો પૈકીના એક પણ પદનુ પરમ ભક્તિપૂર્વક ઉત્કૃષ્ટ આરાધન કરવાથી અનેકાનેક આત્માઓ ત્રણ જગતના સ્વામિપણાને પામ્યા છે એજ કારણે પુણ્યપુરૂષો ફરમાવે છે કે–'આ શ્રી નવ પદો એ પરમ તત્ત્વરૂપ છે, પરમ રહસ્યરૂપ છે, પરમ મન્ત્રરૂપ છે, પરમ અર્થરૂપ છે અને પરમ પદરૂપ છે

અદ્વિતીય ચક્ર

શ્રી અરિહતદેવોના શાસનમા આ શ્રી નવ પદનો મહિમા અતિશય સુપ્રસિદ્ધ છે આ શ્રી નવ પદો અનેક લબ્ધિઓ અને વિદ્યાઓથી સમૃદ્ધ છે આ શ્રી નવ પદો આનુષગિક ફલ તરીકે આઠ મહાસિદ્ધિઓને પણ સાધી

આપનાર છે દશ દિગ્પાલાદિ સુરવરો વડે આ શ્રી નવ પદો સુસેવિત છે અને આ શ્રી નવ પદો વડે રચાયેલ શ્રી સિદ્ધચક્ર, એ ત્રણ જગતનો વિજય કરવા માટે એક અદ્વિતીય ચક્ર છે એ જ કારણે આ શ્રી નવ પદનું બીજું નામ શ્રી સિદ્ધચક્ર તરીકે સુપ્રસિદ્ધ છે.


શ્રી નવ પદારાધન માટે
વિકારરહિત ચિત્તવાળા અને દૂષણરહિત
આચારવાળા બનવું એ જરૂરી છે :

આ શ્રી નવ પદનો આરાધક જો ક્ષમાવાન, જિતેન્દ્રિય અને મનને અંકુશમા રાખનાર ન હોય, તો તે તેનો સાચો આરાધક બની શકતો નથી, પણ ઉલટો વિરાધક પણ બની જાય છે કામ અને ક્રોધ આદિ આંતરિક વિકારોને નહિ જીતનારો આત્મા, મહાપ્રભાવક એવા શ્રી સિદ્ધચક્ર યન્ત્રની આરાધના કરવા છતા પણ, તેના વાસ્તવિક ફળને પામી શકતો નથી. પરમ ઉપકારી શાસ્ત્રકારો ભારપૂર્વક ફરમાવે છે કે-શ્રી નવપદારાધનના ફલની કામનાવાળા ગૃહસ્થ યા સાધુએ વિકારરહિત ચિત્તવાળા અને કોઈ પણ દૂષણરહિત આચારવાલા બનવું જોઈએ. શ્રી નવ પદોની આરાધના કરવા છતાં પણ જે આત્મા ચિત્તની દુષ્ટતાને તજતો નથી, તે આત્મા શ્રી સિદ્ધચક્ર યન્ત્રને સિદ્ધ કરી શકતો નથી, કિન્તુ વિરાધનાના યોગે નુકશાનને જ પામે છે

અશુભ ચિન્તવે તેનું જ અશુભ થાય :

શ્રી નવ પદના આરાધક આત્માનું સૌથી પ્રથમ કર્તવ્ય એ છે કે-તેણે શરીર અને મન સબંધી દુષ્ટ આચરણાઓ અને દુષ્ટ વિચારણાઓનો સર્વથા ત્યાગ કરવાને માટે ઉદ્યમશીલ બની જવુ જોઈએ એ રીતિએ શુદ્ધ ચિત્તવાળા બનેલા આરાધક આત્માનું કોઈ દુષ્ટ માણસ કદાચ અશુભ ચિંતવે, તો પણ તે અશુભ ચિંતવનારનું જ અશુભ થાય છે. પણ આરાધક આત્માનું અશુભ થતું નથી એ કારણે શ્રી નવ પદની આરાધનાનું વાસ્તવિક ફળ પામવાની અભિલાષાવાળાએ નિર્મલ ચિત્તવાળા અને શુદ્ધ શીલસંપન્ન બની, શ્રી નવ પદની આરાધના શ્રી જિનપૂજન આદિ શાસ્ત્રોક્ત વિધિ મુજબ અને આયંબીલના તપપૂર્વક કરવી જોઈએ.

શ્રી શ્રીપાલ અને શ્રીમતી મયણાસુદરી :

શ્રી નવ પદના આરાધનની પાત્રતા કેળવવાને માટે, રાજા શ્રીપાલ અને સતી મયણાસુદરીનું ચરિત્ર પણ ઘણી જાણવાજોગ વિગતો પૂરી પાડે છે એ બંને આદર્શ આરાધકોની મનોદશા અને ચારિત્રપાત્રતા ઉપર ખ્યાલ રાખવામા આવે, તો શ્રી નવ પદારાધનનુ જે ફળ તેમણે મેળવ્યું, તે આજે પણ સુલભ છે રાજકુમારિકા શ્રીમતી મયણાસુદરી બાલ્યાવસ્થામા જ શાંત, દાંત, જિતેન્દ્રિય, ધીર અને શ્રી જિનમતમાં રક્ત એવા અધ્યાપકની પાસે ઉચ્ચ કોટિનું  પામેલી હોવાથી, આદર્શ

સતી બનવાની સાથે શ્રી જિનમતની પણ નિશ્ચલ આરાધક બની શકી છે.

નિર્મળ સમ્યક્ત્વની સાક્ષીરૂપ :

પોતાના પિતા રાજા પ્રજાપાળની સભામાં તાજી જ ભણીને આવેલી તે પુણ્યવતી બાલિકાએ-' પુણ્યથી શું પ્રાપ્ત થાય ?'-એ પ્રશ્નના ઉત્તરમા જે મનોભાવ પ્રગટ કર્યો છે, તે શ્રી નવ પદના પ્રત્યેક આરાધકે હૃદયપટ ઉપર કોતરી રાખવા યોગ્ય છે પુણ્યથી મળનારી ધન, યૌવન, ચતુરાઈ, સુદર રૂપ આદિ કોઈ પણ વસ્તુને આગળ નહિ કરતા, તેણીએ જે વસ્તુઓનો નિર્દેશ કર્યો છે, તે તેણીના આરાધકભાવની અને નિર્મળ સમ્યક્ત્વની સાક્ષી પૂરે છે

પુણ્યાનુબધી પુણ્યના યોગે જ

'પુણ્યથી શુ પ્રાપ્ત થાય ?'-એવા પોતાના પિતાએ પૂછેલા પ્રશ્નના જવાબમા તેણી ભરસભામા સમજાવે છે છે કે-' પુણ્યથી મળનાર કોઈ વસ્તુ હોય, તો તે વિનય, વિવેક, બ્રહ્મચર્ય, સતોષ અને મોક્ષમાર્ગની આરાધના છે ધન, યૌવન અને સૌંદર્યાદિ પુણ્યથી મળનાર હોવા છતા પણ, પાપના નિમિત્તરૂપેય બની જાય છે, તેથી તેની પ્રાપ્તિ પાપાનુબન્ધી પુણ્યના યોગે પણ સંભવી શકે છે, પરતુ પૂજ્યપુરૂષો પ્રત્યે વિનય, બહુમાન, સારાસારનો વિવેક કરવાની શક્તિ, અખડ શીલસપન્ન કાયા અને મુક્તિમાર્ગની આરાધના,-આટલાં વાના તો પુણ્યાનુબન્ધી પુણ્ય વિના પ્રાપ્ત થઈ શકતા જ નથી

સાચી ભક્તિનો પ્રતાપ :

શ્રીમતી મયણાસુંદરીએ જણાવેલ આટલી વસ્તુનો ખ્યાલ, શ્રી નવ પદના આરાધકોના અંતરમાં આવી જાય, તો તેઓમાં શ્રી નવ પદો પ્રત્યે સાચી અંતરંગ ભક્તિ પ્રગટ્યા સિવાય રહે નહિ : અને શ્રી નવ પદોની સાચી ભક્તિ તેના ભક્તને મુક્તિપદ આપ્યા સિવાય પણ રહે નહિ : એટલું જ નહિ પણ, જ્યાં સુધી મુક્તિ ન મળે, ત્યાં સુધી સંસારના પણ ઉત્તમોત્તમ સુખોનો અનુભવ કરાવ્યા સિવાય પણ શ્રી નવપદની સાચી ભક્તિ રહે નહિ

શ્રી નવ પદ અને શ્રી જિનપ્રતિમા પ્રત્યે શ્રીમતી મયણાસુંદરીની અવિહડ ભક્તિ :

શ્રી શ્રીપાલકુંવરની સાથે સતી મયણાસુંદરીનાં લગ્ન થયા બાદ, ઘણાં વર્ષો પછીથી શ્રી શ્રીપાલ પોતાની માતા કમલપ્રભા સાથે શ્રીમતી મયણાસુંદરીને ઉજ્જયિની નગરીમાં રાખીને દેશાટન કરવા ગયા છે દેશાટને ગયાને ઘણો કાળ થઈ જવા છતાં પણ, પુત્રના કાંઈ સમાચાર નહિ મળવાથી, એક વખત માતા કમલપ્રભા શ્રીમતી મયણાસુંદરીને કહે છે કે–

'હે વત્સે! મારા પુત્રને દેશાટન ગયે એક વર્ષ થઈ જવા છતાં કાંઈ સમાચાર મળ્યા નથી અત્યારે ઉજ્જયિની નગરીને પરચક્રે ઘેરી લીધી છે, તો હવે આપણું શું થશે?–તેની મને ખબર પડતી નથી.'

આ સાંભળી સતી મદનાસુંદરી કહે છે કે–

'હે માતા! આપ બીલકુલ ભય ન રાખો જ્યા સુધી હૃદયમા શ્રી નવ પદો સુસ્થિત છે, ત્યા સુધી ભયનુ કોઈ કારણ નથી વળી આજે જ સન્ધ્યા સમયે શ્રી જિન પ્રતિમાનું પૂજન કરતી વખતે મને કોઈ એવો અપૂર્વ શુભ ભાવ–અધ્યવસાય ઉત્પન્ન થયો છે કે–હજુ સુધી તેનો આનંદ મારા હૃદયમા સમાતો નથી તથા તે શુભ ભાવથી મારા શરીરમા વગર કારણે જ રોમોદ્રમ થયા કરે છે વળી મારૂ ડાબુ નેત્ર તથા ડાબુ સ્તન પણ ફરકયા કરે છે તેથી આજે જ તમારા પુત્રનો મેળાપ થશે એમ હું માનું છુ'

કમલપ્રભા આ સાભળીને જેટલામા ખૂશ થાય છે, તેટલામા તો પોતાની પત્નીનુ વચન સત્ય કરવા માટે જ ન હોય તેમ, ધર્મને વિષે નિશ્ચલ મનવાળા શ્રી શ્રીપાલ દરવાજે આવીને 'બારણું ખોલો'–એવી બૂમ મારે છે

આ સિવાય બીજા અનેક પ્રસંગોએ સતી મયણા સુંદરીની શ્રી નવ પદ અને શ્રી જિનપ્રતિમા પ્રત્યેની અવિહડ ભક્તિ તરી આવે છે તેણીના સગથી રાજા શ્રીપાલ પણ સમ્યક્ત્વના રગથી કેટલા દૃઢ રગાયેલા હતા, તેનુ વર્ણન પણ શ્રી શ્રીપાલ-ચરિત્રમા અનેક સ્થળોએ વર્ણવાએલુ છે

સમુદ્રમા પડતા પડતાંય

દુષ્ટ ધવલના પ્રપચથી સમુદ્રમા કુતૂહલ જોવાના બ્હાને મંચ ઉપર આરૂઢ થયેલા શ્રી શ્રીપાલકુમાર,

ધવલના કુબુદ્ધિ મત્રીએ મચનાં દોરડાઓ કાપી નાખવાથી એકદમ સમુદ્રમા પડે છે તે વખતે સમુદ્રમાં પડતા પડતા પણ શ્રી શ્રીપાલકુમાર બીજી કોઇ પણ ચિંતા નહિ કરતાં, શ્રી નવ પદોનુ જ ધ્યાન કરે છે: એ તેમની પણ શ્રી નવપદ પ્રત્યેની અવિહડ ભક્તિ અને આત્મ-સમર્પણનો અચૂક પૂરાવો છે શ્રી નવ પદના ધ્યાનના પ્રભાવથી સમુદ્રમા પડેલ શ્રીપાલકુમાર ક્ષણવારમા સહી સલામત રીતિએ સુખપૂર્વક કોકણકીનારે પહોચી અનેક ઋદ્ધિના ભોક્તા બને છે

સમસ્યાપૂર્તિથી પતિશોધ:

એ જ રીતિએ એક વખત દેવદલપત્તન નામના નગરમા રાજા ધરાપાલની સમ્યગદૃષ્ટિ કુમારિકાએ પોતાની પાચ સખીઓ સાથે એવી પ્રતિજ્ઞા કરી છે કે–

'શ્રી જિનમતમા નિપુણ હોય તેની સાથે જ આપણે પરણવુ. કારણ કે–પરણવુ એ મનની શાતિ માટે છે અને તે સુખ પતિપત્નીને ધર્મનો વિરોધ હોય તો કયાથી પ્રાપ્ત થાય?'

શ્રી જિનધર્મને વિષે નિશ્ચળ મનવાળા પતિની પરીક્ષા કરવા માટે, પોતાની સખીઓ સાથે તે રાજ-પુત્રીએ પાચ સમસ્યાઓ તૈયાર કરી છે અનેક પડિત-પુરૂષો તે સમસ્યાઓનો જૂદી જૂદી રીતિએ ઉત્તર આપે છે, પણ કન્યાના [illegible] સતોષ પમાડનાર ઉત્તર એક પણ મ [illegible]

શ્રી નવ પદની આરાધકતાના પ્રભાવે શ્રી શ્રીપાલકુમાર ત્યાં જાય છે અને કન્યાઓની બધી સમસ્યાઓના યથાર્થ ઉત્તરો આપીને નૃપપુત્રીનું મન હરી લે છે.

સમસ્યાઓ અને તેની પૂર્તિઓ :

સમ્યગ્દૃષ્ટિ રાજપુત્રીની સમસ્યાઓ અને સમ્યગ્દૃષ્ટિ શ્રી શ્રીપાલકુંવરે પૂરેલા તેના ભાવો પ્રત્યેક આરાધક આત્માએ નિરંતર સ્વાધ્યાય કરવા યોગ્ય છે, તેથી તે અક્ષરશઃ અહીં આપવામાં આવે છે. સમસ્યાપદો એવાં છે કે-ધર્મના પરમાર્થને પામેલા આત્માઓ જ તેની સુન્દર પ્રકારે પૂર્તિ કરી શકે અને એ દ્વારા પણ પોતાના આત્માની સન્માર્ગ રૂચિને વ્યક્ત કરી શકે : આથી જ તેની મનનીયતા સિદ્ધ થાય છે ! પ્રત્યેક કાવ્યનું છેલ્લું પદ એ સમસ્યાપદ છે અને બાકીનાં ત્રણ પદો શ્રી શ્રીપાલકુમારે પૂરેલાં સમસ્યાપૂર્તિનાં પદો છે

(૧)

અરિહંતાઈ નવપય,
નિઅમણુ ધરઈ જુ કોઈ :
નિચ્છઈ તસુ નરસેહરહ,
મણુવંછિઅ ફલ હોઈ.

–'જે કોઈ આત્મા શ્રી અરિહતાદિ નવ પદોને પોતાના મનને વિષે ધારણ કરે છે, તે નરશિરોમણિ નક્કી મનોવાંછિત ફળને મેળવે છે '

(૨)

અરિહંત દેવ સુસાધુ ગુરૂ,
ધમ્મ તુ દયા વિસાલ :
મંતુત્તમ નવકાર પર,
અવરમ ઝંખહુ આલ.

–'શ્રી અરિહંત દેવ, સુસાધુ ગુરૂ, દયાવડે વિસ્તીર્ણ એવો ધર્મ તથા મન્ત્રોને વિષે મુખ્ય એવો શ્રી નમસ્કાર નામનો મંત્ર–એ ચાર જ સઘળા પ્રકારના દેવ, ગુરૂ, ધર્મ અને મંત્રોને વિષે પ્રધાન દેવ, પ્રધાન ગુરૂ, પ્રધાન ધર્મ અને પ્રધાન મંત્ર છે: માટે એ ચારનું જ સેવન કરો. તે સિવાયનું સઘળું અનર્થને કરનાર હોવાથી, હે મનુષ્યો! તમે તે સર્વને છોડી દો!'

(૩)

આરાહિય ધુરિ દેવ ગુરૂ,
દેહિ સુપત્તિહિ દાણુ :
તવ સંજમ ઉવયાર,
કરિ કરિ સફલઉ અપ્પાણુ.

–'સૌથી પહેલાં શ્રી વીતરાગ દેવ અને સુસાધુ ગુરૂની સેવા કરી સુપાત્રોને વિષે દાન આપો : ત્યાર બાદ તપ, સંયમ અને પરોપકારાદિ કરી આત્માને સફલ–કૃત-કૃત્ય કરો !'

(૪)

અરિ મન અપ્પા ખંચિ ધરિ,
ચિંતા જાલિ મપાડિ :
ફલ તિત્તઉ પરિપામી યઈ,
જિત્તઉં લિહિઉ નિલાડિ.

–' રે મન! તું આત્માને ખેંચીને પકડી રાખ અને ફોકટ ચિંતાની જાલમાં ન નાખ : કારણ કે–આ દુનિયામાં આત્માને તેટલું જ ફલ પ્રાપ્ત થાય છે, કે જેટલું તેના લલાટમાં લખાયું છે : અર્થાત્–જેટલું તેણે શુભ અગર અશુભ કર્મ પોતાની સાથે જન્માંતરમાં બાંધ્યું છે, તેટલું જ ફલ તેને પ્રાપ્ત થાય છે.'

(૫)

અત્થિ ભવંતર સંચિઉં,
પુણ્ય સમુગ્રાલ જાસુ :
તસુ બલ તસુ મઈ તસુ સિરિ,
તસુ તિહુયણુ જણુ દાસુ.

–' જે પુરૂષે જન્માંતરમાં અનર્ગલ પુણ્યનો સંચય કર્યો હોય છે, તેને જ બલ પ્રાપ્ત થાય છે, બુદ્ધિ પણ તેને જ પ્રાપ્ત થાય છે, જગતમાં લક્ષ્મી અગર શોભા પણ તેજ પુરૂષ પામે છે :અને ત્રિભુવનજન–જગત્રય લોક તેનો જ દાસ, સેવક યા અનુચર થાય છે.'

આરાધનાનું પ્રધાન ફળ :

આસો અને ચૈત્ર, વર્ષના એ બે માસમાં સુદી ૭ થી સુદી ૧૫ સુધી નવ નવ દિવસ આયબીલના તપપૂર્વક શ્રી નવ પદનું આરાધન કરવાનું ચાલુ છે એ રીતિએ સાડા ચાર વર્ષે નવ ઓળી પૂર્ણ થતા, આ તપનું આરાધન પૂર્ણ થયું ગણાવામા આવે છે ત્યાર બાદ ઉદ્યાપન આદિ દ્વારા એ તપને ઉજવવામા આવે છે આ બધા વિધાનોની પાછળ શાસ્ત્રકારોનો એક જ ઉદ્દેશ છે કે–'અનાદિના અસદ્ અભ્યાસવાળા આત્માને સદ્અભ્યાસ કરાવી શ્રી નવ પદમય બનાવવો . કારણ કે–નિશ્ચયથી શ્રી નવ પદો એજ આત્માનું સ્વરૂપ છે' તાત્વિક દૃષ્ટિએ આત્મા પોતે જ શ્રી નવ પદમય છે, તેથી તેને તેનુ સ્વરૂપ પ્રાપ્ત કરાવી આપવા માટે, શ્રી નવ પદોનું આરાધન, એ અસંખ્ય યોગોમા મુખ્ય યોગ છે આથી સ્વસ્વરૂપની પ્રાપ્તિ કરાવવી, એજ શ્રી નવ પદના આરાધનનુ પ્રધાન ફળ છે, એ સિદ્ધ થાય છે

આ લોક સંબંધી આનુષંગિક ફળ

એ પ્રધાન ફળ સિદ્ધ ન થાય ત્યા સુધી શ્રી નવ પદ આરાધનના યોગે અનેક આનુષંગિક ફળો પણ પ્રાપ્ત થાય છે અને તે પણ શાસ્ત્રોમાં વર્ણવાએલાં છે એમાનાં ઘણાખરા ફળો તો આજે પણ આરાધક આત્માઓને અનુભવસિદ્ધ છે આનુષંગિક ફળો બે પ્રકારનાં હોય છે આ લોક સં[illegible] પરલોક સંબધી આ લોક

સબધી ફળોનું વર્ણન કરતા, શાસ્ત્રકાર મહારાજાઓ ફર માવે છે કે-'જે આત્મા સમ્યક્ પ્રકારે શુભ ભાવ વડે આ તપને વિધિપૂર્વક કરે છે, તે આત્માને દૃષ્ટ કોઢ, ક્ષય, જ્વર અને ભગદરાદિ મહારોગો કદાપિ થતા નથી એટલુ જ નહિ પરન્તુ ઉત્પન્ન થયેલા હોય તો પણ નાશ પામે છે આ તપને કરવાથી દાસપણું, કર્મકરપણું, કલાવિહીનપણું, લોકમા અનિષ્ટપણું, અધપણું, શરીરનું દૂષિતપણું તથા કુલનુ દૂષિતપણું કદાપિ થતું નથી આ તપનું આરાધન કરનાર સ્ત્રીઓને પણ પતિ આદિને અનિષ્ટપણું, વિષકન્યાપણું, કુલક્ષણપણું, ભર્તાવિહીનપણું, નિરપત્યપણું, મૃતવત્સાપણુ આદિ ભયંકર દોષો અને દુ ખો પ્રાપ્ત થતા નથી'

<u>શ્રી નવ પદારાધન-</u>

<u>સઘળા મનોવાછિતની સિદ્ધિ દેનાર છે</u>

પરલોકમા આ તપના આરાધનથી સુગતિ આદિ જે મહાન લાભો થાય છે, તે સબધમા પણ શાસ્ત્રકાર મહારાજાઓ ફરમાવે છે કે-'આ તપના સમીચીન આરાધનથી પ્રાણિઓને સુર, અસુર અને મનુષ્યલોકની શ્રેષ્ઠ સપત્તિઓ પ્રાપ્ત થવી દુર્લભ નથી, પરતુ અત્યત સુલભ છે જેના પ્રભાવથી અક્ષય સુખને આપનાર મોક્ષ પણ સુલભ છે, તેના ધ્યાનથી અન્ય સિદ્ધિઓ પ્રાપ્ત થાય, તેમા આશ્ચર્ય શું છે? શ્રી નવપદ આરાધનના ફળનું વર્ણન કરતા અતમા શાસ્ત્રકાર મહર્ષિઓ સ્પષ્ટતયા કહે છે કે-'બહુ કહેવાથી શું? આ શ્રી નવ

પદના પ્રસાદથી સદાકાળ પ્રાણિઓને સઘળા મનોવાંછિત અર્થની સિદ્ધિ થાય છે, એમાં લેશ માત્ર સંદેહ નથી.'

કૂટ પ્રતારણા અને પ્રચારણાથી સ્વયં ડુબી બીજાને ડૂબાવનારાઓ :

આત્મા, પરલોક આદિ અતીન્દ્રિય પદાર્થોની શ્રદ્ધા ગુમાવી બેઠેલા કેટલાકો આજે એવો પ્રચાર કરે છે કે-'ભૂતકાળમા થઈ ગયેલા, વર્તમાનમાં અવિદ્યમાન અને સંસારથી પર બનેલા એવા અરિહંતાદિની આરાધના ઉપર આટલો બધો ભાર મૂકીને લોકોને એ માર્ગે દોરવા, એ આ કાળને માટે બંધબેસતું નથી. જે કાળમાં જીવનનિર્વાહનાં ફાંફાં હોય, લોકોની બુદ્ધિ પરલોકાદિ પદાર્થો માનવા તૈયાર ન હોય, એવા કાળમાં ભૂતકાળમાં થઇ ગયેલાની જ પૂજા કરવાની વાતો કરવી, એ કયા ફળને આપનારી છે? અરિહંત અને સિદ્ધ પરમાત્માઓ સંસારના પારને પામેલા છે અને આચાર્ય, ઉપાધ્યાય તથા સાધુઓ પણ તેમની ગમે તેટલી પૂજા કરવા છતાં સંસારની કોઈ પણ વાતમાં પડવાના જ નથી, તો પછી જેને સસારનો જ પાપ છે તેવાઓને એવી વ્યક્તિઓની આરાધના શું લાભ કરવાની છે? ઉલટું, આ જમાનામાં શાસ્ત્રે કહેલી એવી આરાધનાની વાતોને આગળ કરવાથી વર્તમાન પ્રગતિનો રોધ થાય છે અને અન્ય કોમોની હરોળમાં જૈનકોમ પછાત પડતી જાય છે'

કોમની ઉન્નતિના નામે આવા પ્રકારની અનેક કૂટ પ્રતારણાઓ અને પ્રચારણાઓ કરનારા, કો

હિતના સહારક અને ઘોર અજ્ઞાનથી ઘેરાયેલા આત્માઓ, સ્વય ડૂબી રહ્યા છે અને અન્યને દુર્ગતિરૂપ ગર્તામાં ડૂબાવવાનો કારમો પ્રયત્ન કરી રહ્યા છે—એમ, વસ્તુ-સ્વરૂપનું ભાન થાય તો, સમજાયા વિના રહે તેમ નથી.

આરાધનામાં યોજવાની વિશેષ જરૂર.

શ્રી અરિહંતદેવ આદિની પૂજા, એ પરિણામવિશુદ્ધિનું પ્રબળમા પ્રબળ અગ છે . એટલું જ નહિ, પરતુ મોક્ષ-માર્ગની પરમ પ્રભાવના કરનાર છે 'ભૂતકાળમાં થઈ ગયા છે અને વર્તમાનમાં આ ક્ષેત્રમાં વિદ્યમાન નથી, તેથી શ્રી અરિહંતાદિકની આરાધના નકામી છે'—એમ કહેનારાઓ પોતાની જ દલીલથી અવિદ્યમાન એવા શ્રી અરિહંતાદિકની વિશેષ પ્રકારે આરાધના કરવાની જરૂરી-યાત સિદ્ધ કરે છે જે ક્ષેત્ર અને જે કાળમાં શ્રી અરિહંતાદિક વિદ્યમાન છે, તે ક્ષેત્ર અને તે કાળમાં તો તેઓશ્રીના સાક્ષાત્ ઉપદેશાદિકના શ્રવણાદિકથી આત્મા સહેજે મોક્ષમાર્ગમાં જોડાય છે, પરતુ તેઓના વિરહ વખતે તેવાં સાક્ષાત્ સાધનોના અભાવે તેઓના બિંબા-દિદ્વારાએ વિશેષ પ્રકારે તે તારકોની આરાધનાદિક કરવામાં ન આવે, તો આત્મામાં કદિ પરિ-ણામ જાગવાના જ

આરાધના તરફ વાળ.

ઉપકારી

'શ્રી

ગમે

અગર નાગ જ થવાના નથી : તો પછી તેમની પૂજાનો આટલો આગ્રહ શા માટે ? તેમની કરેલી પૂજાને તેઓ ગ્રહણ પણ કરતા નથી તેમજ સિદ્ધિસ્થાનમા ગયેલા શ્રી સિદ્ધ ભગવનો અમૂર્ત્ત, અક્રિય અને અતિ દૂર રહેલા તથા ત્યાથી કદિ પણ અહીં નહિ આવનારા હોવાથી, અહીં રહેનાન આપણા ઉપર તેઓ કયી જાતિનો ઉપકાર કરી દેવાના હતા, કે જેથી બીજા અનેક અગત્યના કાર્યોને છોડાવી દઈ, તેઓની જ પૂજાનો એકાત આગ્રહ કરવામા આવે છે ?'

–આ જાતિના સ્વપરહિતઘાતક ડહાપણને ડોળનારા અને પોતાને તથા પરને કલ્યાણના એકના એક પરમ અગથી દૂર કરવાનો અનર્થકર પ્રયાસ કરનારા દયાના પેગમ્બરો, આજે જ્યા ને ત્યા ઉભરાતા જાય છે· આવા કાળમા સકળ પ્રાણિગણનું સર્વ પ્રકારે હિત કરનાર તથા આરાધક આત્માની ઉત્તરોત્તર ઉન્નતિ કરાવી એકાતિક અને આત્યતિક સુખના સ્થાને પહોચાડનાર ત્રણે કાળમાં પરમ આવશ્યક આરાધના પ્રત્યે વધુમા વધુ લક્ષ્ય દોરવાની સાચા ઉપકારિઓની મહાન ફરજ થઈ પડે છે

પૂજાનું ફળ—

પૂજકની પરિણામવિશુદ્ધિના આધારે·

શ્રી વીતરાગ પ્રસન્ન થતા નથી, માટે જ તે તારકની પૂજા અન્ય સર્વ પૂજાઓ કરતા વિશેષ ફળને આપનારી છે· કારણ કે-શુભ પરિણામની વૃદ્ધિ જેટલી શ્રી વીતરાગની [illegible]ી છે, તેટલી સરાગીની સેવાથી

કદિ પણ થવાની નથી પૂજાનું ફળ પૂ /કના પરિણામની વિશુદ્ધિ ઉપર આધાર રાખે છે પરંતુ સામાની પ્રસન્નતા કે અપ્રસન્નતા ઉપર આધાર રાખતુ નથી

સામાની પ્રસન્નતા કે અપ્રસન્નતા ઉપ॰ જો ફળ અવલંબેલુ હોય, તો હૃદયગત સર્વ પ્રાણિઓની હિત ચિંતા રૂપ મૈત્રી અને અન્યનું અહિત કરવા રૂપ દુષ્ટ ભાવના, કદિ પણ સારા અગર નરસા ફળને આપનારી થવી જોઈએ નહિ કારણ કે–તે હૃદયમા ચિંતવાયેલ હોવાથી સામાની પ્રસન્નતા કે અપ્રસન્નતાનું કારણ કદાપિ થતી નથી એટલુ જ નહિ પણ કષાય–રહિત, નિસ્પૃહ અને પરમત્યાગી મુનિવરનુ અપમાન અગર સત્કાર કરવાથી માઈ પણ ફળ થવુ જોઈએ નહિ કે–તેઓ અપમાનથી કોપ અને સત્કારથી ખુશી પામતા ન॰

અર્થાત્–ફળની પ્રાપ્તિ સામાના પ્રસાદ અગર ઉપર આધાર રાખવાને બદલે સ્વપરિણામ ઉપર ॰ રાખે છે, એ વાત જગપ્રસિદ્ધ છે

એ ન્યાયે પૂજ્ય વ્યક્તિઓની પૂજા ગ્રહણ કરે છે કે નહિ અથવા એ પ ઉપમાર થાય છે કે નહિ, એનો [illegible] પૂજકને કરવાનો રહેતો જ નથી ! રીઝાવવા ખાતર પૂજા કરતો નથી દ્વારા તે પોતાના આત્માને [illegible] આત્માની રીઝ પૂજ્યની પૂજા [illegible] શક્ય નથી

પૂજાનું પ્રયોજન :

એજ રીતિએ પૂજ્ય અમૂર્ત હો કે મૂર્ત હો, સક્રિય હો કે અક્રિય હો, દૂરસ્થ હો કે સમીપસ્થ હો, તેની સાથે પૂજકને કાંઈ અનિવાર્ય પ્રયોજન નથી. પૂજકનું પ્રયોજન તો પૂજાને યોગ્યની પૂજા દ્વારા સ્વચિત્તની પ્રસન્નતા પ્રાપ્ત કરવી તેજ રહેલું છે અને તે પ્રયોજન અમૂર્ત, અક્રિય કે ગમે તેટલા દૂર સ્થાનમાં રહેલ પણ પૂજ્યની વંદન-નમસ્કારાદિ પૂજા દ્વારા સિદ્ધ થાય જ છે

'અમૂર્તની પૂજાથી લાભ નહિ :'-

એમ માનો તો ગુણો પણ અમૂર્ત જ છે :

અથવા 'જે અમૂર્ત હોય તેની પૂજા ફળ આપે જ નહિ'-એવો નિયમ બાંધીએ, તો પૂજ્ય ગુણવાન છે માટે જ પૂજ્ય છે અને તેમના તે ગુણો સઘળા અમૂર્ત જ છે તો અમૂર્ત ગુણોની પૂજાનું ફળ પણ ન જ માનવું જોઈએ : પણ તે તો સઘળાને માન્ય છે: કારણ કે-અમૂર્ત ગુણોને છોડીને ગુણીમાં પણ બીજું કાંઈ મૂર્ત પૂજવા લાયક નથી, એ સર્વ સુવિદિત છે. એજ રીતિએ અક્રિય એવા શ્રી સિદ્ધો પણ પૂજકની ક્રિયાથી પૂજકના ભાવની વિશુદ્ધિનું કારણ બની શકે છે.

દૂરસ્થની પૂજા પણ લાભદાયી :

'શ્રી સિદ્ધાદિક દૂર રહેલા છે માટે તેમની પૂજા ફળવાળી નથી'-એમ માનનારાઓ પણ પૂજા અને તેના ફળના વિજ્ઞાનથી તદ્દન અજ્ઞાન છે. દૂર રહેલ સ્નેહિ-

કદિ પણ થવાની નથી. પૂજાનું ફળ પૂજકના પરિણામની વિશુદ્ધિ ઉપર આધાર રાખે છે : પરંતુ સામાની પ્રસન્નતા કે અપ્રસન્નતા ઉપર આધાર રાખતું નથી

સામાની પ્રસન્નતા કે અપ્રસન્નતા ઉપર જો ફળ અવલંબેલુ હોય, તો હૃદયગત સર્વ પ્રાણિઓની હિત-ચિંતા રૂપ મૈત્રી અને અન્યનું અહિત કરવા રૂપ દુષ્ટ ભાવના, કદિ પણ સારા અગર નરસા ફળને આપનારી થવી જોઈએ નહિ: કારણ કે–તે હૃદયમા ચિંતવાયેલ હોવાથી સામાની પ્રસન્નતા કે અપ્રસન્નતાનું કારણ કદાપિ થતી નથી. એટલુ જ નહિ પણ કષાય–રહિત, નિસ્પૃહ અને પરમત્યાગી મુનિવરનું અપમાન અગર સત્કાર કરવાથી કાંઈ પણ ફળ થવુ જોઈએ નહિ. કારણ કે–તેઓ અપમાનથી કોપ અને સત્કારથી ખૂશી પામતા નથી!

અર્થાત્–ફળની પ્રાપ્તિ સામાના પ્રસાદ અગર કોપ ઉપર આધાર રાખવાને બદલે સ્વપરિણામ ઉપર આધાર રાખે છે, એ વાત જગપ્રસિદ્ધ છે

એ ન્યાયે પૂજ્ય વ્યક્તિઓની પૂજા પૂજ્યવ્યક્તિ ગ્રહણ કરે છે કે નહિ અથવા એ પૂજાથી પૂજ્ય ઉપર ઉપકાર થાય છે કે નહિ, એનો વિચાર પૂજ્યના સાચા પૂજકને કરવાનો રહેતો જ નથી! સાચો પૂજક પૂજ્યને રીઝાવવા ખાતર પૂજા કરતો નથી, પરંતુ પૂજ્યની પૂજા-દ્વારા તે પોતાના આત્માને રીઝાવવા ઇચ્છે છે અને આત્માની રીઝ પૂજ્યની પૂજા સિવાય બીજા કોઈ સાધનદ્વારા શકય નથી

પૂજાનું પ્રયોજન :

એજ રીતિએ પૂજ્ય અમૂર્ત હો કે મૂર્ત હો, સક્રિય હો કે અક્રિય હો, દૂરસ્થ હો કે સમીપસ્થ હો, તેની સાથે પૂજકને કાંઈ અનિવાર્ય પ્રયોજન નથી. પૂજકનું પ્રયોજન તો પૂજાને યોગ્યની પૂજા દ્વારા સ્વચિત્તની પ્રસન્નતા પ્રાપ્ત કરવી તેજ રહેલું છે અને તે પ્રયોજન અમૂર્ત, અક્રિય કે ગમે તેટલા દૂર સ્થાનમાં રહેલ પણ પૂજ્યની વંદન–નમસ્કારાદિ પૂજા દ્વારા સિદ્ધ થાય જ છે.

'અમૂર્તની પૂજાથી લાભ નહિ :'–
એમ માનો તો ગુણો પણ અમૂર્ત્ત જ છે :

અથવા 'જે અમૂર્ત હોય તેની પૂજા ફળ આપે જ નહિ'–એવો નિયમ બાંધીએ, તો પૂજ્ય ગુણવાન છે માટે જ પૂજ્ય છે અને તેમના તે ગુણો સઘળા અમૂર્ત જ છે તો અમૂર્ત ગુણોની પૂજાનું ફળ પણ ન જ માનવું જોઈએ : પણ તે તો સઘળાને માન્ય છે : કારણ કે–અમૂર્ત ગુણોને છોડીને ગુણીમાં પણ બીજું કાંઈ મૂર્ત પૂજવા લાયક નથી, એ સર્વ સુવિદિત છે. એજ રીતિએ અક્રિય એવા શ્રી સિદ્ધો પણ પૂજકની ક્રિયાથી પૂજકના ભાવની વિશુદ્ધિનું કારણ બની શકે છે.

દૂરસ્થની પૂજા પણ લાભદાયી :

'શ્રી સિદ્ધાદિક દૂર રહેલા છે માટે તેમની પૂજા ફળવાળી નથી'–એમ માનનારાઓ પણ પૂજા અને તેના ફળના વિજ્ઞાનથી તદ્દન અજ્ઞાન છે. દૂર રહેલ સ્નેહિ-

ઓના શુભ–અશુભ સમાચારોથી સુખ અને શોકનો અનુભવ કરનારા કયી રીતિએ કહી શકે એમ છે કે–'દૂરસ્થ વસ્તુ કાઇ પણ ફળને આપનારી થતી નથી ?' એ ન્યાયે દૂરસ્થ એવા શ્રી સિદ્ધો પણ, તે તારકોના ધ્યાન અને પૂજનથી, પૂજકના આત્મપરિણામની વિશુદ્ધિ કરવાદ્વારાએ, અપ્રમેય ફળને આપનારા થાય છે, એમાં લેશ માત્ર સંદેહ નથી

આત્મા જ આત્માનો

મિત્ર પણ છે અને શત્રુ પણ છે


જગતના દુઃખદારિદ્ર આદિ સૌ–સૌના પૂર્વકૃત કર્મોને આભારી છે, એમ માનનાર કયો આસ્તિક આત્મા, એ કર્મોની જડનો નાશ કરવા માટેના અમોઘ ઉપાયરૂપ શ્રી સિદ્ધચક્રના આરાધનને, આ કાળમા પણ બીનજરૂરી કે અલ્પ જરૂરી માની શકે એમ છે ? આત્મપરિણામની વિશુદ્ધિ વિના પણ કેવળ યથેચ્છ પ્રવૃત્તિથી જ સુખદુઃખની સિદ્ધિ માનનાર, તત્ત્વજ્ઞાનવિહીન જડ આત્માઓ સિવાય તેમ માનવાની કોઈ જ હિંમત કરી શકે નહિ જગતના તત્ત્વોના યથાર્થ જ્ઞાતા મહાપુરૂષો તો પોકારી પોકારીને ફરમાવે છે કે–' આત્મા જ આત્માનો મિત્ર છે અને આત્મા જ આત્માનો શત્રુ છે. અજ્ઞાન અને મિથ્યાદ્રષ્ટિ આત્મા પોતાના આત્માનો શત્રુ બને છે, જ્યારે જ્ઞાની અને સમ્યગ્દ્રષ્ટિ મહાત્મા પોતે જ પોતાના આત્માનો મિત્ર બને છે '

પરમ રસાયણ :

આ વસ્તુને સમજનાર વર્ગ, શ્રી નવ પદના આરાધનને ચિત્તશુદ્ધિના પરમ રસાયણ તરીકે માને છે અને તેની આરાધનાદ્વારાએ સર્વ પ્રકારના સુખોને વિના વિલંબે પ્રાપ્ત કરે છે. વિધિને નહિ ચૂકનારો પ્રત્યેક આરાધક આત્મા, શ્રી નવ પદના આરાધનના અચિન્ત્ય પ્રભાવનો આજ પણ સાક્ષાત્કાર કરી શકે છે અને થોડા જ ભવોમાં અથવા અલ્પ કાળમાં યોગ્ય ક્ષેત્રાદિને પામીને મોક્ષરૂપ પરમફલને પણ પામી શકે છે.

શુભાભિલાષા :

આવા પરમ મહિમાના ધામભૂત શ્રી નવ પદનું આરાધન કરવાને માટે, કલ્યાણના અભિલાષી એવા સૌ કોઈએ તત્પર બનવું જોઈએ : અને શ્રી જિનેશ્વરદેવોની આજ્ઞા મુજબ આશંસારહિતપણે મોક્ષના જ એક હેતુથી શ્રી નવ પદની આરાધના કરવામાં એવા લીન બની જવું જોઈએ, કે જેથી આત્મા નજદિકના કાળમાં જ સ્વસ્વરૂપને પ્રગટાવવા દ્વારા અનન્ત, અક્ષય અને અતુલ સુખમાં ઝીલતો બન્યા વિના રહે જ નહિ. સૌ કોઈ આ રીતિએ આરાધક બનીને અનન્ત, અક્ષય અને અતુલ સુખમાં ઝીલતા બનો, એજ એક શુભાભિલાષા !



શ્રી નવપદ આરાધક સમાજ—મુંબઇ



શ્રી નવપદ આરાધનને, આજના કેવળ જડવાદી જમાનામા પણ વેગ આપવા માટે આ સમાજની સ્થાપના હસ્તીમા આવી છે સયોગ અને સામગ્રી મુજબ આ દિશામા સમાજે આજ સુધીમા શક્ય કાર્ય કર્યું છે તેનો આછો ખ્યાલ પ્રતિવર્ષ પ્રગટ થતા તેના વાર્ષિક રીપોર્ટો ઉપરથી આવી શકે તેમ છે છેલ્લા ત્રણુ વર્ષના તેના કાર્યની અને આર્થિક સ્થિતિની માહિતી ચાલુ રીપોર્ટમા આપવામા આવી છે, તેને વાચી, વિચારી સ્વરૂપને એકાત લાભદાયી શ્રી નવપદ આરાધનને જીવનમા અપનાવી લેવા અને તે આરાધનને વેગ આપનાર આ પ્રકારની સસ્થાઓને તન-મન-ધનથી ઉત્તેજન આપવા, પ્રત્યેક વાચક તૈયાર થશે, એ અભિલાષા અસ્થાને નથી

લખો યા મળો—

શ્રી નવપદ



ધી વીરવિજય પ્રા
સ્ખરદાસે છાપ્યુ